

# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

સુવિચાર
આપણી સૌથી મોટી નબળાઈ, છોડી દેવામાં છે. એક વાર પ્રયત્ન કરવો એ સફળ થવાનો ચોક્કસ રસ્તો છે.

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઈ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૨૫ તા.૧૦.૦૮.૨૦૨૪, શનિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 25 Dt. 10-08-2024, Saturday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# નારાજ વિપક્ષ આર-પારના મૂડમાં : ધનખડ સામે અવિશ્વાસ પ્રસ્તાવની તૈયારી

**રાજ્યસભામાં ધનખડ અને જયા બચ્ચન વચ્ચે થોડા દિવસ પહેલા હળવી મસ્તી થઈ હતી પરંતુ આજે જયા બચ્ચને સ્પીકરના 'ટોન' પર સવાલ ઉઠાવ્યા હતા તો બીજી તરફ રાજ્યસભાના અધ્યક્ષે ગરીમાં જાળવવાનુ કહેતા ભારે હોબાળો થયો હતો. નારાજ વિપક્ષ ધનખડ સામે અવિશ્વાસ પ્રસ્તાવની તૈયારી કરી રહ્યુ છે.**

નવી દિલ્હી, તા.૯

વિપક્ષ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યું છે. શુક્રવારે સંસદની કાર્યવાહી દરમ્યાન અધ્યક્ષ ધનખડ અને સપા સાંસદ જયા બચ્ચન વચ્ચે તુ-તુ મૈ-મૈ થઈ હતી. ધનખડે સપા સાંસદને જયા અમિતાભ બચ્ચન કહીને સંબોધ્યા હતા.તેના પર જયા બચ્ચને અધ્યક્ષના ટોન પર વાંધો ઉઠાવ્યો અને કહ્યું- હું એક એક્ટર છું. હું બોડી લેંગ્વેજ સમજું છું. હું એક્સપ્રેશન સમજું છું. માફ કરશો, પણ તમારો ટોન સ્વીકાર્ય નથી.આ સાંભળીને ધનખડ ગુસ્સે થઈ ગયા. તેમણે કહ્યું- તમે તમારી સીટ પર બેસો. તમે જાણો છો કે એક્ટરને ડાયરેક્ટર કંટ્રોલ કરે છે. હું રોજ મારી વાતનું પુનરાવર્તન નથી કરવા માગતો.ધનખડે કહ્યું- તમે મારા ટોન પર સવાલ ઉઠાવી રહ્યા છો.આ સહન નહીં થાય.તમે સેલિબ્રિટી હો કે અન્ય કોઈ, તમારે શિસ્ત જાળવવું પડશે. તમે વરિષ્ઠ સભ્ય અધ્યક્ષનું અપમાન કરી રહ્યા છો.તે બાદ વિપક્ષી સભ્યોએ 'દાદાગીરી નહીં ચલેગી' ના સૂત્રોચ્ચાર કરતાં વોકઆઉટ કરી દીધું. રાજ્યસભામાં વિપ



ક્ષના વર્તનને અયોગ્ય ગણાવતાં નિંદા પ્રસ્તાવ પણ પસાર થયો. હોબાળા અને નિંદા પ્રસ્તાવ બાદ રાજ્યસભાની કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરી દેવાઈ હતી રાજ્યસભામાં વિપક્ષે મલ્લિકાર્જુન ખડગે અંગે ઘનશ્યામ તિવારી તરફથી કરવામાં આવેલી ટિપ્પણીનો મુદ્દો ઉઠાવ્યો. જયરામ રમેશે કહ્યું કે અમુક વાંધાજનક વાતો કહેવામાં આવી હતી. તેની પર તમે કહ્યું હતું કે રુલિંગ આપીશું. તે રુલિંગ શું છે? તેના જવાબમાં સભાપતિ જગદીપ ધનખડે કહ્યું કે મલ્લિકાર્જુન ખડગે અને ઘનશ્યામ તિવારી બંને મારી ચેમ્બરમાં આવ્યા હતાં. એક-એક બાબત પર નજર રાખવામાં આવી. ધનશ્યામ તિવારીની માફીની વાત પર પણ વિપક્ષ અને ધનખડ વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી. જેના પર સભાપતી એ કહ્યું કે પ્રશંસા માટે કોઈ માફી માગતું નથી. તેઓ માફી માગશે નહીં. જેથી ભારે હોબાળો થયો હતો જે તમામ વિવાદો વચ્ચે હવે વિપક્ષ મહાભિયોગ પ્રસ્તાવ લાવી ધનખડને પદેથી હટાવવાની તૈયારી કરી રહ્યુ છે. કલમ ૬૭ (બી) મુજબ ઉપરાષ્ટ્રપતિને રાજ્યસભાના તમામ તત્કાલીન સભ્યોના બહુમત દ્વારા પસાર અને લોકસભા દ્વારા સંમત એક પ્રસ્તાવ દ્વારા તેમના પદ પરથી હટાવી શકાય છે. આ માટે ૧૪ દિવસની નોટિસ આપવાની જોગવાઈઓ છે. જે રીતે ધનખડ તથા વિપક્ષ વચ્ચે થોડા સમયથી તકરાર ચાલી રહી છે તેનાથી નારાજ વિપક્ષ લડી લેવાના મુડમાં જોવા મળી રહ્યા છે. રાજ્યસભામાં હોબાળા વચ્ચે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીના નેતૃત્વમાં વિપક્ષે વૉક આઉટનો નિર્ણય લીધો હતો. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા રાજ્યસભામાં ઉપાધ્યક્ષે જ્યારે સપા સાંસદ જયા બચ્ચનને બોલવા માટે આમંત્રિત કર્યા તો તેમણે તેમનું નામ જયા અમિતાભ બચ્ચન પોકાર્યા હતા ત્યારે, તેમના પર જયા બચ્ચન ભડકી ઉઠ્યા હતા. આમ સતત કોઈને કોઈ વિવાદને કારણે ધનખડથી વિપક્ષ નારજ છે.

## મોદી-રાહુલની સંસદમાં 'ચાય પે ચર્ચા



લોકસભામાં સંસદ સત્ર સ્થગિત થયા બાદ શુક્રવારે અનૌપચારિક ચા બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા તથા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એકબીજાનું અભિવાદન કર્યું. આ દરમિયાન બંને નેતાઓએ ગરમજોશીથી નમસ્તે કર્યું. આ દરમિયાન રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહને યુક્રેનની પરિસ્થિતિ વિશે પૂછ્યું, જેના પર રક્ષા મંત્રીએ કહ્યું કે ભારત આ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. લોકસભા સદનની કાર્યવાહી શુક્રવારે અનિશ્ચિત મુદત માટે સ્થગિત કરી દેવામાં આવી છે. ગયા મહિને ૨૨ જુલાઈથી શરૂ થયેલા આ સત્રની કાર્યવાહી ૧૨ ઓગસ્ટ સુધી ચાલવાની હતી. પરંતુ, તેનું સમાપન શુક્રવારે જ કરી દેવામાં આવ્યું. આ દરમિયાન લોકસભા સ્પીકરે સત્ર દરમિયાન સદનની કાર્યવાહીના સુચારુ સંચાલનમાં સહયોગ કરવા બદલ વડાપ્રધાન, સંસદીય કાર્ય મંત્રીઓ, વિપક્ષના નેતા, વિવિધ પક્ષોના નેતાઓ અને સાંસદો પ્રત્યે આભાર પણ વ્યક્ત કર્યો. આ દરમિયાન સંસદ સત્ર સ્થગિત થયા બાદ અનૌપચારિક ચા બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને લોકસભા સ્પીકર ઓમ બિરલા સાથે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે ઘણા મોટા નેતાઓ હાજર રહ્યા. જેમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ, ગૃહમંત્રી અમિત શાહ, નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ, પીયૂષ ગોયલ, સંસદીય કાર્યમંત્રી કિરેન રિજીજુ, લોજપા નેતા ચિરાગ પાસવાન, શિવસેના સાંસદ શ્રીકાંત શિંદે, સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવ સહિત અન્ય લોકો હાજર રહ્યા.

## ગુડ મોર્નિંગને બદલે હવે સ્કૂલનાં બાળકો બોલશે "જય હિંદ"

ભારત ૧૫મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તેનો ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવવા જઈ રહ્યું છે. દેશભરમાં આ દિવસની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. દરમિયાન, સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને હરિયાણા સરકારે મોટો નિર્ણય લીધો છે. હરિયાણાની નાયબ સિંહ સૈની સરકારે કહ્યું છે કે હવે રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓએ સવારે ગુડ મોર્નિંગને બદલે જય હિન્દ બોલવું પડશે. સરકારના આ નિર્ણયનો અમલ ૧૫ ઓગસ્ટ ૨૦૨૪થી શરૂ થશે. આવો જાણીએ હરિયાણા સરકારે આ નિર્ણય પાછળ શું કારણ આપ્યું છે. હરિયાણા સરકાર દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે આ સ્વતંત્રતા દિવસથી તમામ શાળાઓમાં ગુડ મોર્નિંગની જગ્યાએ જય હિંદ બોલવામાં આવશે. શાળા શિક્ષણ નિયામકના આદેશમાં કહેવામાં આવ્યું છે કે આ પગલાનો હેતુ વિદ્યાર્થીઓમાં "દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની ઊંડી ભાવના જગાડવાનો" છે. હરિયાણા સરકારના આદેશમાં કહેવામાં આવ્યું છે કે જય હિંદનો નારા સુભાષ ચંદ્ર બોઝે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન આપ્યો હતો. ભારતની સશસ્ત્ર દળોએ પણ જય હિંદને સલામી તરીકે સ્વીકારી હતી. સરકારે કહ્યું છે કે હવે શાળાઓમાં ગુડ મોર્નિંગને બદલે જય હિંદ બોલવામાં આવશે. આનાથી વિદ્યાર્થીઓ દરરોજ રાષ્ટ્રીય એકતાની ભાવના સાથે પ્રેરિત થશે. આ સાથે દેશના સમૃદ્ધ ઈતિહાસ પ્રત્યે આદર પણ વ્યક્ત કરી શકાય છે.

## બેન્કના ખાતામાં હવે એક સાથે ચાર નોમિની નોંધાવી શકાશે

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે લોકસભામાં બેન્કિંગ કાયદો (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કર્યો છે. આ બિલમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે દરેક બૅન્ક ખાતાધારક એક ખાતા માટે એકથી વધુ અર્થાત્ ચાર 'નોમિની' રાખી શકશે. અત્યાર સુધી એક બૅક્ર ખાતામાં માત્ર એક જ નોમિનીનો ઉલ્લેખ કરવાનો નિયમ છે. જો આ બિલ સંસદમાંથી પસાર થઈ જશે તો હવે નોમિનીની સંખ્યા ચાર કરી શકાશે. જો કે, આ એક વૈકલ્પિક જોગવાઈ હશે. પ્રસ્તાવિત બિલમાં વધુ એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જે હેઠળ, કંપનીના ડિરેક્ટર્સના સબસ્ટેન્શિયલ ઈન્ટરેસ્ટને ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે, જેમાં મર્યાદા રૂ. ૫ લાખથી વધારી રૂ. ૨ કરોડ કરવામાં આવી છે. જે લગભગ છ દાયકા પહેલાં નિર્ધારિત થઈ હતી. લોકસભામાં વિપક્ષના કેટલાક સભ્યોએ આ બિલનો વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના મનીષ તિવારીએ કહ્યું કે રાજ્યોને સહકારી મંડળીઓ અને સહકારી બૅક્રો સંબંધિત કાયદાઓમાં સુધારો કરવાનો અધિકાર છે. તેમણે આ સંદર્ભે કાયદાકીય અધિકારો અંગે અસ્પષ્ટતા વિશે પણ વાત કરી હતી કે, કેન્દ્ર સહકારી મંડળીઓને નિયંત્રિત કરી શકે છે કે નહીં તે અંગે વિરોધાભાસ છે. આરએસપીના એનકે પ્રેમચંદ્રને કહ્યું કે સરકાર એક સાથે ચાર કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહી છે.

## એર ઈન્ડિયાની તેલ અવીવની તમામ ફ્લાઈટ્સ અનિશ્ચિત સમય માટે સ્થગિત

પેલેસ્ટાઈન અને હમાસ સાથેના યુદ્ધમાં ઈરાનના ઘરમાં ઘુસીને વિરોધીને ઠાર મારવા બદલ ઈઝરાયેલ સામે ચારેય મોરચે વિરોધનો વંટોળ ઉભો થયો છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધી રહેલા તણાવને કારણે સમગ્ર વિશ્વની નજર હવે મધ્ય પૂર્વ પર છે. આ દરમિયાન એર ઈન્ડિયાએ શુક્રવારે ભારત અને ઈઝરાયેલ વચ્ચેની ફ્લાઈટ્સ અનિશ્ચિતકાળ સુધી રદ કરવાની જાહેરાત કરતા સ્થિતિ વધુ તંગ બનવાના ભણકારા વાગી રહ્યાં છે. એર ઈન્ડિયાએ એક ટ્વિટ-માં જણાવ્યું કે, એરલાઈન કંપનીએ આગામી સૂચના સુધી તેલ અવીવથી અને તેલ અવીવની તમામ ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી છે. ટાટા ગ્રૂપની માલિકીની કંપનીએ અગાઉ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીથી તેલ અવીવ સુધીની તેની સેવાઓ ૮ ઓગસ્ટ સુધી સ્થગિત કરી દીધી હતી. આ સાથે એરલાઈને ટિકિટ બુક કરેલા મુસાફરોને તમામ રકમ પરત કરવાની પણ તૈયારી આદરી છે. એર ઈન્ડિયાએ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. એર ઈન્ડિયાએ તેની એક્સ-પોસ્ટમાં લખ્યું કે, 'મધ્ય પૂર્વના કેટલાક ભાગોમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમારી તેલ અવીવ આવતી અને જતી ફ્લાઈટ્સનું સંચાલન આગામી સૂચના સુધી તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે કૃપા કરીને અમારા ૨૪/૭ સંપર્ક કેન્દ્ર ૦૧૧-૬૯૩૨૯૩૩૩ / ૦૧૧-૬૯૩૨૯૯૯૯ પર કોલ કરો.

## વક્ફ કાયદામાં સુધારા માટે JPCની કરી રચના

નવી દિલ્હી, તા.૯

વક્ફ કાયદામાં સુધારા માટે લોકસભા અધ્યક્ષે સંયુક્ત સંસદીય સમિતિ (ત્નઁઝ)ની રચના કરી છે. સમિતિમાં ઓવૈસી અને ઈમરાન મસૂદ સહિત ૩૧ સાંસદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેપીસીમાં ૨૧ સંસદસભ્ય લોકસભાના અને ૧૦ સાંસદ રાજ્યસભાના છે.

નરેન્દ્ર મોદી સરકારે ગઈકાલે વક્ફ કાયદામાં સુધારા માટે લોકસભામાં ખરડો દાખલ કર્યો હતો. જોકે કોંગ્રેસ સહિત વિપક્ષોએ તેનો વિરોધ કર્યો હતો. ઉપરાંત ભાજપના સાથીપક્ષો પણ આ ખરડાને કાંતો સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) અથવા સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી) સમક્ષ લઈ જવાની ઈચ્છા ધરાવતા હતા. જેને પગલે લોકસભા અધ્યક્ષે ગઈકાલે જ જેપીસીની રચના કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. કોંગ્રેસની સરકારોએ બનાવેલા અને વારંવાર ફેરફાર કરીને વક્ફ બોર્ડને અમર્યાદ સત્તાઓ આપી દેનાર વક્ફ કાયદામાં સુધારો કરવા મોદી સરકારે થોડા દિવસ પહેલા સંકેત આપ્યો હતો અને તે અંગેનો સૂચિત મુસદ્દો તમામ સંસદસભ્યોને થોડા દિવસ પહેલાં પહોંચાડી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ ગઈકાલે ૮ ઓગસ્ટને ગુરુવારે લોકસભામાં સુધારા ખરડો દાખલ કર્યો હતો. જોકે, અપેક્ષા મુજબ કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષોએ તેનો વિરોધ કર્યો હતો. વિરોધને પગલે લઘુમતી કલ્યાણ બાબતોના મંત્રી કિરણ રિજ્જિજુ, જેમણે સુધારા ખરડો દાખલ કર્યો હતો તેમણે વિચારણા માટે જેપીસીમાં રજૂ કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ લોકસભા અધ્યક્ષે કહ્યું હતું કે, પોતે આ માટે જેપીસીની રચના કરશે.

ગઈકાલે ગુરુવારે લોકસભાની કાર્યવાહી પૂરી થયા બાદ એનડીએના સાથી પક્ષ લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ પાસવાન)ના નેતા ચિરાગ પાસવાને કહ્યું હતું કે, ખરડામાં કશ ખોટું નથી. વક્ફ કાયદામાં સુધારા થાય એ આવશ્યક છે, પરંતુ અમે ઈચ્છીએ છીએ કે ખરડા અંગે પૂરતી ચર્ચા થાય અને દરેક પક્ષકારોના મનમાં જે આશંકાઓ હોય તે દૂર થાય. જેપીસીમાં કુલ કેટલા સભ્યો હશે અને કયા ગૃહમાંથી કયા સભ્યોનો સમાવેશ કરવો તેનો નિર્ણય અધ્યક્ષ દ્વારા લેવામાં આવતો હોય છે. તે અનુસાર ૩૧ સભ્યોની સમિતિ બનાવવામાં આવી છે. તેમાં લોકસભાના ૨૧ અને રાજ્યસભાના ૧૦ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## અનામતમાં ક્વોટા લાગુ નહીં થાય મોદીએ કહ્યુ કોઈ વિચાર નથી : વિનોદ ચાવડા

**અનામતમાં ક્વોટાને લઈને ભાજપે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે.કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ આજે વિડીયોમાં દાવો કર્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઘણા સાંસદો મળ્યા હતા અને અનામત ક્વોટા અંગે સુપ્રીમના નિર્ણય અંગે વડાપ્રધાને સ્પષ્ટ આશ્વસ્ત કર્યા હતા કે અનામતમાં ક્વોટા બાબતે ભાજપનો કોઈ વિચાર કરતો નથી. આ માત્ર સુપ્રીમ કોર્ટના જજની પેનલનો અભિપ્રાય છે.**



સુપ્રીમ કોર્ટે એસસી-એસટી કેટેગરીમાં નવી સબ-કેટેગરી ઊભી કરીને અતિ પછાતોને અલાયદો ક્વોટા આપવાનો આદેશ આપ્યો હતો, જેના દેશભરમાં પડઘા પડ્યા હતા. અલગ-અલગ સંગઠનો એ આ નિર્ણય અંગે વિરોધ સાથે આગામી ૨૧મી ઓગસ્ટના રોજ 'ભારત બંધ'નું એલાન પણ આપ્યું હતુ જો કે તે વચ્ચે કચ્છના સાંસદે એક મહત્વપુર્ણ જાણકારી વિડીયો સ્વરૂપે જાહેર કરી હતી અને વડાપ્રધાન સાથે મુલાકાત બાદ તે બેઠકમા થયેલી વાતચીત બાદ દાવો કર્યો હતો કે સાંસદો દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. એમાં તેમણે અમને સ્પષ્ટ આશ્વસ્ત કર્યા હતા કે ભાજપની કેન્દ્ર સરકાર કે કોઈપણ રાજ્યની સરકાર આ અનામતમાં ક્વોટા કે ક્રીમી લેયર બાબતે વિચાર કરતી નથી એ માત્ર ને માત્ર સુપ્રીમ કોર્ટના જજની પેનલની રાય અને વિચાર છે. દેશમાં કોંગ્રેસ અને વિપક્ષ એસસી અને એસટી વર્ગના લોકોને ગુમરાહ કરી રહી છે. અનામત દૂર કરવા માટેની અફવા ફેલાવી રહી છે. અમે સૌ સાંસદે મળીને વડાપ્રધાન મોદીને રજૂઆત કરી હતી આ બાદ આ અંગે વિનોદ ચાડવાએ પોતાની પ્રતિક્રિયા આપી હતી શુક્રવારે ભારતીય જનતા પાર્ટીના એસસી-એસટી ના સાંસદોએ આ બાબતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આ બાબતે કોઈ ફેરફાર ન કરવા લેખીતમાં પત્ર આપી રજુઆત કરી હતી જે અંતર્ગત વડાપ્રધાનએ સ્પષ્ટ રીતે જણાવ્યું કે આ વિચાર અને રાય માત્ર સુપ્રિમ કોર્ટ નો જ છે જેમાં કેન્દ્ર સરકાર કે ભા.જ.પ ાની રાજ્યની સરકારો તથા ભાજપ આવી કોઈ પણ બાબતનો સમર્થન કરતી નથી અને આવો કોઈ વિચાર પણ કરતી નથી.હજુ આ બાબતે કોઈ રાજકીય પાર્ટી એ પોતાનુ વલણ સ્પષ્ટ કર્યુ નથી પરંતુ દેશમાં વિરોધની તૈયારી વચ્ચે કચ્છના સાંસદે વડાપ્રધાન સાથે મુલાકાત બાદ આ અંગે મોટી સ્પષ્ટતા ભાજપ અને એસસી-એસટી સમુદાયના એક ચુંટાયેલા સાંસદ તરીકે કરી છે.

## સુપ્રીમે NEET-PG પરીક્ષા સ્થગિત કરવાની માંગ ફગાવી

નવી દિલ્હી, તા.૯

સુપ્રીમ કોર્ટે ૧૧ ઓગસ્ટે યોજાનારી NEET PG પરીક્ષાને સ્થગિત કરવાની માંગને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું, લાખો વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવાની છે, છેલ્લી ક્ષણે આવો આદેશ ન આપી શકાય. અરજદારે કહ્યું કે ઘણા વિદ્યાર્થીઓના પરીક્ષા કેન્દ્રો એવા શહેરોમાં છે જ્યાં પહોંચવું મુશ્કેલ છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે કેન્દ્રોની ફાળવણી ગેરરીતિઓને રોકવા માટે કરવામાં આવી હતી, પરંતુ સમયની મર્યાદાને કારણે ઉમેદવારો માટે ચોક્કસ શહેરોમાં મુસાફરીની વ્યવસ્થા કરવી મુશ્કેલ છે. ઉલ્લેખનીય છે કે NEET UG પરીક્ષા અગાઉ ૨૩ જૂને યોજાવાની હતી. કેટલીક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત ગેર-રીતિઓને ધ્યાનમાં રાખીને સાવચેતીનાં પગલાં તરીકે તેને મુલતવી રાખવામાં આવી હતી. CJI DY ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની ખંડપીઠે કહ્યું કે તેઓ પાંચ વિદ્યાર્થીઓને કારણે ૨ લાખ વિદ્યાર્થીઓની કારકિર્દીને જોખમમાં નાખી શકે નહીં. આના પર અરજદારો તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સંજય હેગડેએ કહ્યું કે ૫૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ તેમને આ અંગે મેસેજ કર્યો છે.

## દિલ્હી પોલીસે આઈએસઆઈએસ આતંકી રિઝવાનની ધરપકડ કરી

નવીદિલ્હી,તા.૯

દિલ્હી પોલીસે એક ખાસ ઓપરેશન દરમિયાન કુખ્યાત આતંકવાદી રિઝવાનની ધરપકડ કરી છે. રિઝવાન નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના રડાર પર હતો. આ ઉપરાંત આતંકવાદી પર ૩ લાખ રૂપિયાનું રોકડ ઈનામ હતું.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી એ દિલ્હીના દરિયાગંજના રહેવાસી રિઝવાનના માથા પર આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ થવા બદલ ૩ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ, અલી આઈએસઆઈએસના પુણે મોડ્યુલનો ભાગ હતો અને સ્વતંત્રતા દિવસ પહેલા રાજધાનીમાં તેની હાજરીની તપાસ કરવામાં આવી રહી છે.

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે જણાવ્યું હતું કે,આઈએસઆઈએસ મોડ્યુલના આતંકવાદીની ઓળખ રિઝવાન અલી તરીકે કરવામાં આવી છે. તેની ધરપકડ કરવામાં આવી છે. રિઝવાન દિલ્હીના દરિયાગંજનો રહેવાસી છે.એનઆઈએએ રિઝવાનની સાથે અન્ય ફરાર વોન્ટેડ વ્યક્તિઓની પણ ધરપકડ કરી છે જેમાં આતંકવાદી સંબંધો છે. અલીની તસવીરો છે. પણ બહાર પાડવામાં આવ્યું હતું.

અગાઉ દિલ્હી પોલીસે સુરક્ષા વ્યવસ્થા વધારી દીધી હતી અને અલકાયદા અને ખાલિસ્તાન સાથે સંકળાયેલા વિવિધ આતંકવાદીઓના પોસ્ટર લગાવ્યા હતા. પોલીસે આતંકવાદીઓને પકડવામાં મદદ કરવા લોકોને પ્રોત્સાહિત કરતા સમગ્ર શહેરમાં પોસ્ટર લગાવ્યા છે. દિલ્હી પોલીસે કહ્યું કે આતંકવાદીઓ વિશે કોઈપણ માહિતી આપનારને 'યોગ્ય' ઈનામ આપવામાં આવશે. પોલીસે જણાવ્યું હતું કે લોકોમાં જાગૃતિ લાવવા અને પોલીસને આતંકવાદીઓ પર નજર રાખવામાં મદદ કરવા માટે સુરક્ષા પગલાં લેવામાં આવ્યા છે. ૮ ઓગસ્ટના રોજ બાતમી મળી હતી કે દરિયાગંજનો રહેવાસી એનઆઈએનો વોન્ટેડ આતંકવાદી રિઝવાન રાત્રે ૧૧ વાગ્યે ગંગા બક્ષ માર્ગના બાયો ડાયવર્સિટી પાર્કમાં આવી રહ્યો છે.

## અંતે જેલમાંથી છૂટ્યાં સિસોદિયા, ભાવુક નેતાએ બંધારણનો આભાર માન્યો

**મનીષ સિસોદિયા ૧૭ મહિના બાદ જેલમાંથી બહાર આવશે : સિસોદિયાની ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ધરપકડ કરવામાં આવી હતી : સર્વોચ્ચ અદાલતે તેમને ૧૦-૧૦ લાખ રૂપિયાના જામીન બોન્ડ પર જામીન આપ્યા**

નવી દિલ્હી, તા.૯

દિલ્હી શરાબ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાના જામીન મંજુર કર્યા છે. આ કેસમાં સિસોદિયા ફેબ્રુઆરી ૨૦૨૩થી તિહાડ જેલમાં બંધ છે. હવે ૧૭ મહિના બાદ તે જેલમાંથી બહાર આવશે. દિલ્હી દારૂ કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં મનીષ સિસોદિયાને મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે તેમને જામીન આપ્યા છે. સિસોદિયાની ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ધરપકડ કરવામાં આવી હતી અને ત્યારથી તે સતત જેલમાં છે. સર્વોચ્ચ અદાલતે સિસોદિયાને ૧૦-૧૦ લાખ રૂપિયાના જામીન બોન્ડ પર જામીન આપ્યા છે. હવે તે જેલમાંથી બહાર આવશે. સુપ્રીમ કોર્ટે જામીન આપવા સાથે સિસોદિયાએ પોતાનો પાસપોર્ટ સરેન્ડર કરવો પડશે. દર સોમવારે 10 ને રિપોર્ટ કરવો પડશે. સાક્ષીને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરશે નહીં. સુપ્રીમ કોર્ટે તેને ટ્રાયલ કોર્ટમાં મોકલવાની ઈદ્ઢની માંગને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટે સમજવું જોઈએ કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. ટ્રાયલ પૂર્ણ કર્યા વિના કોઈને પણ જેલમાં રાખી શકાય નહીં અને સજા કરી શકાય નહીં.

સુપ્રીમ કોર્ટે સિસોદિયાને જામીન આપતાં કહ્યું કે સિસોદિયા લાંબા સમયથી જેલમાં છે, આ રીતે તેમને ઝડપી સુનાવણીના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. હવે સમય આવી ગયો છે કે નીચલી અદાલતો અને હાઈકોર્ટ એ સિદ્ધાંતને સમજે કે જામીન એ નિયમ છે અને જેલ અપવાદ છે. મનીષ સિસોદિયાને જામીન માટે નીચલી અદાલતમાં મોકલવા એ ન્યાયનું અપમાન હશે, તેથી અમે તેમને જામીન આપી રહ્યા છીએ. જામીન મળ્યા બાદ મનીષ સિસોદિયાના વકીલ હૃષિકેશ કુમારે કહ્યું કે સુપ્રીમ કોર્ટે મનીષ સિસોદિયાને જામીન આપી દીધા છે. આ એક ઐતિહાસિક નિર્ણય છે.



### દિલ્હીના મંત્રી આતિશી થયા ભાવુક

દિલ્હીના શિક્ષણ મંત્રી અને આપ નેતા આતિશીને આ અંગે તેમની પ્રતિક્રિયા પૂછવામાં આવી ત્યારે તેઓ ભાવુક થઈ ગયા અને રડી પડ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું કે, આજે સત્યની જીત થઈ છે. દિલ્હીના વિદ્યાર્થીઓનો વિજય થયો છે. તેમને જેલમાં એટલા માટે મોકલવામાં આવ્યા હતા કારણ કે તેમણે ગરીબ બાળકોને સારું શિક્ષણ આપ્યું હતું. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તેમને સજા વિના આટલા લાંબા સમય સુધી જેલમાં રાખવા એ ન્યાયની મજાક ઉડાવવા જેવું થશે. આપ નેતા સંજય સિંહે કહ્યું, 'આ આમ આદમી પાર્ટી અને દિલ્હીના લોકો માટે મોટી રાહત છે. અરવિંદ કેજરીવાલ અને સત્યેન્દ્ર જૈન માટે ન્યાયનો માર્ગ ટૂંક સમયમાં ખુલશે. મનીષ સિસોદિયાએ જે ૧૭ મહિના વેડફ્યા તેનો હિસાબ દેશના વડાપ્રધાન આપશે? અન્ય મંત્રી સૌરભ ભારદ્વાજે સ્પષ્ટ કર્યું કે મનીષ સિસોદિયા દિલ્હી સરકારની કેબિનેટમાં સામેલ થશે અને ફરીથી પોતાનું કામ સંભાળશે. સિસોદિયા દિલ્હી સરકારના સૌથી મહત્વપૂર્ણ મંત્રી હતા.

## ભારત સરકારે બાંગ્લાદેશ મુદ્દે સમિતિની રચના કરી

નવી દિલ્હી, તા.૯

બાંગ્લાદેશમાં સત્તાપલટો બાદ વચગાળાની સરકારનું ગઠન કરવામાં આવ્યું છે. જોકે હજુ પણ દેશમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ અત્યંત ગંભીર છે.

બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાયના લોકો પર સતત હુમલાના અહેવાલ આવી રહ્યા છે. ત્યારે ભારત સરકારે આ મુદ્દે સમિતિની રચના કરી છે.

બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત લઘુમતી સમુદાયના લોકો પર થઈ રહેલ હુમલાઓ અંગે આ સમિતિ સમીક્ષા કરશે. આટલું જ નહીં હિન્દુઓ તથા લઘુમતીઓની સુરક્ષા મામલે ગૃહ મંત્રાલય બાંગ્લાદેશની વચગાળાની સરકાર સાથે સીધો સંવાદ કરશે. આ સમિતિ ભારત બાંગ્લાદેશ સરહદની પરિસ્થિતિ પર પણ નજર રાખશે.

ગૃહ મંત્રી અમિત શાહે આ મુદ્દે X પર પોસ્ટ કરતાં કહ્યું હતું, કે 'બાંગ્લાદેશની વર્તમાન પરિસ્થિતિને જોતાં ભારત સરકારે સમિતિની રચના કરી છે. આ સમિતિ બાંગ્લાદેશના અધિકારીઓ સાથે સંવાદ કરશે, જેથી ત્યાંના ભારતીય નાગરિકો, હિન્દુઓ તથા અન્ય લઘુમતી સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.' નોંધનીય છે કે બાંગ્લાદેશમાં અનામતના વિરોધમાં આંદોલન શરૂ થયા હતા જેણે બાદમાં વિકરાળ રૂપ ધારણ કર્યું. સતત હિંસા અને સેંકડો લોકોના મોત બાદ તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાએ સત્તા છોડીને જીવ બચાવીને ભાગવું પડ્યું હતું. જે બાદ મોહમ્મદ યુનુસની આગેવાનીમાં બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર બનાવવામાં આવી છે.

બાંગ્લાદેશમાં હિંસક આંદોલન બાદ શેખ હસીનાએ દેશ છોડ્યો છે ત્યારે મોહમ્મદ યુનુસે હવે કમાન સંભાળી લીધી છે. બાંગ્લાદેશમાં વચગાળાની સરકારની સ્થાપના કરવામાં આવી છે જેમાં મોહમ્મદ યુનુસ મુખ્ય ભૂમિકા નિભાવશે. ગુરુવારે તેમણે શપથ લીધા છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર પોસ્ટ કરીને મોહમ્મદ યુનુસને અભિનંદન પાઠવ્યા છે. સાથે સાથે તેમણે હિન્દુઓની સુરક્ષાને લઈને સરકારને આડકતરી ટકોર કરી છે.

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. નવા પ્રૉજેક્ટ અને ભવિષ્ય પર ધકેલી દો. અચાનક આજે તમે કામથી વિરામ લેવાની શકો છો અને તમારા પરિવાર સાથે સમય પસાર કરી શકો છો. તમને અને તમારા જીવનસાથીને આજે અદભુત સમાચાર મળવાની શક્યતા છે.

**વૃષભ :**
આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપ ાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. આજે તમને એ વાસ્તવિકતા જાણવા મળશે કે તમારા બૉસ શા માટે તમારી સાથે દર વખતે આટલા આકરા કેમ છે. આ જાણીને તમને ખરેખર સારૂં લાગશે. તમારા મન ને નિયંત્રણ માં રાખવા નું શીખો કારણ કે ઘણી વખત તમે મન નું પાલન કરી ને તમારો કિંમતી સમય બગાડો છો. આજે પણ તમે આવું કંઈક કરી શકો છો. પ્રેમ અને સારૂં ભોજન લગ્નજીવનના પાયા છે, અને અઆજે તમને આ બંનેના શ્રેષ્ઠનો અનુભવ થવાનો છે.

**મિથુન :**
આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પ હોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે-આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો.

**કર્ક :**
આજના દિવસે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. આજે ખાલી સમય નું સાચું ઉપયોગ કરવા માટે તમે પોતાના જુના મિત્રો ને મળવા નું પ્લાન બનાવી શકો છો? તમારા લગ્નજીવનમાં પરિસ્થિતિ આજે ખરેખર સુંદર જણાય છે.તમારા જીવનસાથી સાથે એક અદભુત સાંનું આયોજન કરો.

**સિંહ :**
આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે. આજે ઘર ના લોકો સાથે વાત કરતી વખતે તમારા મોંમાં થી કંઇક એવી વાત આવી શકે છે જેના કારણે ઘર ના લોકો ગુસ્સે થઈ શકે છે. આ પછી તમે ઘર ના લોકો ને સમજાવવા માટે ઘણો સમય પસાર કરી શકો છો.

**કન્યા :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પ ારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો-તમારી શૈલી અને કામ કરવાની નવી રીતો તમને નિકટથી જોનારા લોકોમાં રસ જગાડશે.

**તુલા :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો. પાર્ક માં ચાલતી વખતે, આજે તમે એવી વ્યક્તિ ને મળી શકો છો જેની સાથે ભૂતકાળ માં તમારી સાથે મતભેદ હતા.

**વૃશ્ચિક :**
આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. સ્પર્ધા ઊભી થવાથી કામનું સમયપત્રક વધુ દોડધામભર્યું બની જશે. સમય નું ચક્ર ખૂબ જ ઝડપ થી ફરે છે, તેથી આજ થી જ તમારા કિંમતી સમય નો ઉપયોગ કરવા નું શીખો.

**ધન :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. કોઈ મહત્વની ફાઈલ તમારા બૉસના હાથમાં ત્યાં સુધી ન આપતા જ્યાં સુધી તમને પૂરેપૂરી ખાતરી હોય કે તે બધી જ રીતે બરાબર છે. એકાંત માં સમય પસાર કરવો સારું છે પરંતુ જો તમારા મન માં કંઈક ચાલતું હોય તો લોકો થી દૂર રહી ને તમે વધુ પરેશાન થઈ શકો છો.

**મકર :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો. કોઈ નવો પ્રૉજેક્ટ હાથમાં લેતા પહેલા બે વાર વિચારજો. તમારે ફ્રી ટાઈમ નો યોગ્ય રીતે ઉપયોગ કરવા નું શીખવું પડશે નહીં તો તમે જીવન માં ઘણા લોકો થી પાછળ રહી જશો.

**કુંભ :**
આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. દિવસ સારો છે; અન્યની સાથે તમે તમારા માટે પણ સમય કાઢવા માં સમર્થ હશો. તમારા જીવનસાથી આજે તમને ધરતી પર સ્વર્ગનો અનુભવ કરાવશે.

**મીન :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે. જો તેઓ ગુસ્સે છે તો તેમને શાંત કરવા નો પ્રયાસ કરો. તમારા બૉસને તમારા બહાનામા રસ નહીં પડે-તેની ગૂડ બુક્સમાં રહેવા માટે તમારૂં કામ કરો. તાણભર્યો દિવસ જ્યારે તમારા નિકટના સાથીદારો સાથે અનેક મતભેદો ઊભા થઈ શકે છે. કરિયાણાની ખરીદીને લઈને તમે તમારા જીવનસાથી પર આજે નારાજ થશો.

# નલિયા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય-૪ માં સુવિધાઓના અભાવ બાબતે વાલીઓના આક્ષેપો



**જ્યારે હોસ્ટેલના વાર્ડનનું કહેવું છે કે, છેલ્લા પાંચ મહિનાથી કર્મચારીઓને ગ્રાન્ટના અભાવે પગાર મળ્યો નથી, રાશન-પાણી, દૂધ,બકાલું બધું ઉધાર લઈ વિદ્યાલયનો વહીવટ ચાલે છે !!**

નલીયા તા.૯
અહીંના વિવાદિત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં ફરી એક વખત વાલીઓ દ્વારા આક્ષેપો કરાયા છે. આજે ગુજરાત પ્રદેશ મહેશ્રવરી સમાજના મંત્રી એડવોકેટ લાલજી કટુવા અને વાલીઓ દ્વારા પ્રાંત અધિકારી અબડાસાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું, જેમાં વાલીઓ દ્વારા હોસ્ટેલમાં લાઈટ નો અભાવ, દુષિત પાણી, સીસીટીવી કેમેરાનો અભાવ, જમવાનું અયોગ્ય અને ભૂત પ્રેત જેવી અંધશ્રદ્ધા ફેલાવા જેવા મુદ્દાઓની રજૂઆતોની સાથે હોસ્ટેલના વોર્ડન ભાવનાબેન પ્રજાપતિ ઉપર આક્ષેપો કરાયા હતા, આ બાબતે અગાઉ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને પણ લેખિત ફરિયાદ કરાઈ છે, આ સંદર્ભે હોસ્ટેલના વોર્ડન ભાવનાબેન પ્રજાપતિની મુલાકાત લઈ તેમના સામે આક્ષેપ વિશે પુછતાં તેમણે કહ્યું હતું કે, આ આક્ષેપો તદ્દન ખોટા છે,
નળમાં પાણી ખરાબ અને કાયાવારું આવે છે જે અંગે ગ્રામ પંચાયત માં જાણ કરેલ છે, લાઈટ બાબતે જી.ઇ.બી કચેરીમાં અરજી કરેલ છે. અંધશ્રદ્ધાની વાત ખોટી છે, ભોજન પણ સારું બને છે પંખા અને ટ્યુબલાઈટ ઘણી બંધ છે, જેનું અમે રીપેરીંગ કરાવતા રહીએ છીએ હાલ છેલ્લા પાંચ મહિનાથી અમને અને અમારા કર્મચારીઓને ગ્રાન્ટના અભાવે પગાર પણ મળેલ નથી, હાલ રાશન પાણી દૂધ, બકાલું વગેરે બધું ઉધાર ઉપર આવે છે જેનું ચૂકવણું પણ છેલ્લા ચાર મહિનાથી થયેલ નથી, અમે રાશન વાળાઓ પાસે જેમ તેમ કરી ઉધાર ઉપર માલ લઈ અને હોસ્ટેલ ચલાવીએ છીએ, હું છેલ્લા ૯ મહિનાથી ઈન્ચાર્જ વોર્ડન તરીકે છું, ઉપલા અધિકારી જિલ્લાના જેન્ડર જસ્મિકાબેન અને મારાથી અગાઉ રહી ચુકેલ વોડેન તેઓએ ભ્રષ્ટાચાર આચરેલ તે આક્ષેપો મારા ઉપર થઈ રહ્યા છે, તેવું ભાવનાબેન નું કહેવું છે, જોકે સ્થાનિક તપાસ કરતા ઘણા રૂમની અંદર પૂરતી લાઈટ એને પંખા ચાલુ ન હતા.

# ભુજ મંદિર જંગલ ખાતાના સહયોગથી ૨૫ એકરમાં કરશે વૃક્ષારોપણ..



**કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા હાલમાં એક પેડ માં કે નામ અંતર્ગત સમગ્ર ભારતમાં રાષ્ટ્ર ભાવના સાથે વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયી રહ્યા છે. ત્યારે દરેક સંસ્થા "એક પેડ માં કે નામ'' અંતર્ગત કટિબદ્ધતા દાખવે તો કચ્છ નંદનવન બની શકે તેવો સુર વ્યક્ત કરાયો**

ભુજ તા.૯
સારા વરસાદ બાદ કચ્છમાં વધુ વૃક્ષ ઉછેર માટે અનેક સંસ્થા તથા પર્યાવરણ પ્રેમીઓ સજાગ બન્યા છે ત્યારે કચ્છ ને નંદનવન બનાવવાની પહેલ અને વિચાર શ્રેણી અંતર્ગત ભુજ સ્વામિ નારાયણ મંદિર અને કચ્છ વનવિભાગ દ્વારા ૨૫ એકર જમીનમાં જુદા જુદા વૃક્ષોનું વાવેતર કરવા આયોજન હાથ ધરવામાં આવ્યું છે.જે સંદર્ભે પ્રથમ ૧૨ એકર જમીન પર વૃક્ષારોપણનું કાર્ય ભુજ મંદિરના ઉપ મહંત સ્વામી ભગવદ્જીવનદાસ, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કાર્યવાહક વહીવટી સંત સ્વામી દેવપ્રકાશદાસ, કોઠારી સ્વામી નારાયણમુનિદાસ, સ્વામી વિશ્વપ્રકાશદાસ, સ્વામી પરમહંસદાસ, સ્વામી કૃષ્ણ વિહારીદાસ, ભુજ મંદિરના મુખ્ય કોઠારી મુરજી શિયાણી, ઉપ કોઠારી જાદવજી ગોરસીયા, સલાહકાર સમિતિના રામજી વેકરીયા,ટ્રસ્ટીઓ વાઘજી વેકરીયા, રામજી દબાસીયા, કાનજી મેપાણી તેમજ વિસ્તારના ફોરેસ્ટ ઓફિસરો સાથે રહી ને આ મહત્વપુર્ણ કાર્ય ની શરૂઆત કરી હતી.આવનારા સમયમાં આ પ્રસિદ્ધિ યાત્રાધામ નારાયણ સરોવર ખાતે ભુજ સ્વામિ નારાયણ મંદિર દ્વારા ૧૨ એકર માં એક ભવ્ય મંદિર, એકી સાથે ૧૦૦૦ યાત્રાળુઓ અને પ્રવાસીઓ રહી શકે તે માટે સુંદર રહેવાની, ભોજન પ્રસાદ, ભાગવત્ કથા માટે વિશાળ કથા મંડપ વિગેરેના બાંધકામોનું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે જેમનું નિરીક્ષણ સંતો, ટ્રસ્ટીઓ અને સમિતિ ના સભ્યો કર્યુ હતું. નારાયણ સરોવર વિસ્તારના વિકાસ સાથેનું આ નવું મંદિર અને સંકુલ લોકો અને યાત્રિકો માટે આસ્થાનું કેન્દ્ર બની રહેશે તેવું મંદિર ના ઉપ કોઠારી જાદવજી ગોરસીયા એ જણાવ્યું હતું.જો કે આ કાર્ય સાથે આ વિસ્તાર હરિયાળો બને તેવા સંકલ્પ સાથે આ વિસ્તારમાં વૃક્ષારોપણનો પ્રારંભ કરાયો હતો.

# પ્રાકૃતિક ખેતીથી અબડાસાના ખેડુત સંપૂર્ણ આત્મનિર્ભર બન્યા




સરહદી અબડાસા તાલુકાના અરજણપરના ખેડૂત લધારામ હીરજી પટેલ રાસાયણિક ખેતીને ત્યજીને પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. અગાઉ રાસાયણિક ખેતીમાં ખાતર અને દવાના ખર્ચાથી આર્થિકબોજ વહન કરવા તેઓ મજબૂર હતા. ઉપરાંત પાણીની કટોકટી વચ્ચે રાસાયણિક ખેતીમાં પિયત પણ વધુ કરવી પડતી હતી પરંતુ પ્રાકૃતિક ખેતી અપનાવતા આ તમામ સમસ્યામાંથી છુટકારો મળી ગયો છે.કિસાન લધારામ પટેલ જણાવે છે કે, વર્ષ ૨૦૧૯માં પાટણ તાલુકાના શંખેશ્વર ખાતેની તાલીમમાં ભાગ લઇને પ્રાકૃતિક ખેતી વિશે ઊંડાણપૂર્વક સમજ મેળવી હતી. આ તાલીમમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામ વિશે માહિતી મેળવી તેનો ઉપયોગ હાલ ખેતીમાં કરી રહ્યો છું. જ્યારે રાસાયણિક ખેતી કરતો હતો ત્યારે દવા અને ખાતરનો ખર્ચો વધી જતો હતો. મારી જમીન બંજર બની ગઈ હતી, ફળદ્રુપતા એકદમ નહિવત થઈ જતાં ગમે તેટલી મહેનત કે ખર્ચ કરવા છતાં પાકની ગુણવત્તા સારી થતી ન હતી. ઉપરાંત પાણીની ગુણવતા પણ બગડતી જતી હતી.
પરંતુ પ્રાકૃતિક ખેતી શરૂ કર્યા બાદ તમામ બહારની ખરીદીથી હું મુકત થયો છું. કોઇ દવા કે ખાતરની જરૂર પડતી નથી. તમામ વસ્તુ હું ગૌબર તથા ગૌ-મુત્ર તથા અન્ય કુદરતી પદાર્થનો ઉપયોગ કરીને બનાવી લઉં છું. હું સંપૂર્ણ આત્મનિર્ભર બન્યો છું. વર્તમાનમાં હું પ્રાકૃતિક ખેતીમાં જુવાર, બાજરી, રંજકો, મગફળી, કપાસ અને ઘાસચારા ના પાકો લઉ છું.
પ્રાકૃતિક ખેતીમાં મારું જમીનનું બંધારણ સુધર્યું છે. પ્રથમ વર્ષે એટલું બધું ઉત્પાદન થયું ન હતું પણ મેં પ્રાકૃતિક ખેતી ચાલુ રાખી અને બીજા વર્ષથી ઉત્પાદનમાં વધારો સાથે રાસાયણિક ખેતી કરતા નફો વધ્યો છે.

# કચ્છ રંગાશે દેશભક્તિના રંગે: મારે આંગણે મારો તિરંગો

ભુજ તા.૯
આઝાદીની ઉજવણી યાદગાર બનાવવા તેમજ નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ અને દેશ માટે ગર્વની ભાવના પ્રબળ બને તે હેતુ કચ્છ જિલ્લામાં તા.૮ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન "હર ઘર તિરંગા'' અભિયાન અને "તિરંગા યાત્રા'' અંતર્ગત કાર્યક્રમોનો પ્રારંભ થયો છે. તા.૮ અને ૯ ઓગષ્ટના તાલુકા કક્ષાએ ચિત્ર, નિબંધ, રંગોળી સ્પર્ધા તથા દરેક સરકારી કચેરીમાં રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૦ ઓગસ્ટના કચ્છના આઈકોનિક સ્થળ કોટેશ્વર, માંડવી બીચ, માતાના મઢ તથા ધોળાવીરા ખાતે તિરંગા યાત્રા યોજાશે, તા.૧૧ ના સવારે ૯ કલાકે ભુજ જયુબિલી ગ્રાઉન્ડ ખાતેથી ઓલ્ડફ્રેડ હાઈસ્કુલ સુધી જિલ્લા કક્ષાના કાર્યક્રમ અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન કરાયું છે, જેમાં પોલીસ જવાનો, શાળાના બાળકો, લોક નૃત્ય અને અન્ય કલાકારો, પોલીસ બેન્ડ, રમતવીરો, આઈકોનીક વ્યકિતઓ, સોશિયલ મીડિયા ઈન્ફલુ-એન્સર તથા નાગરિકો જોડાશે, તા.૧૨ મીના તમામ તાલુકા મથક અને દરેક ગ્રામ પંચાયત દીઠ કાર્યક્રમો તથા તિરંગા યાત્રા યોજાશે.
જ્યારે તા.૧૩ ઓગસ્ટના સરહદી વિસ્તાર ધરાવતા કચ્છના ૫૯ ગામમાં એકતા અને સમસરતા તથા રાષ્ટ્રભાવના બળવત્તર બને તે હેતુથી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.
આ ઉપરાંત જિલ્લાની તમામ શાળાઓમાં નિબંધ, ચિત્ર, રંગોળી અને દેશભક્તિનાં ગીતોની સ્પર્ધા, ગ્રામ્ય કક્ષાએ લોકજાગૃતિના કાર્યક્રમો અને નાટકો પણ યોજાશે.
તિરંગા યાત્રા દરમિયાન દેશભક્તિ થીમ આધારિત ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન તેમજ ઈનામ વિતરણ કરાશે. તાલુકા મથકના ૯ કાર્યક્રમ પૈકી ૭ કાર્યક્રમ નગરપાલિકા કક્ષાએ તેમજ ૨ કાર્યક્રમ ગ્રામ્ય તાલુકા મુખ્ય મથક ખાતે થશે જેમાં અંજાર, ગાંધીધામ, ભચાઉ, રાપર, માંડવી, મુંદરા, નખત્રાણા નગરપાલિકા તેમજ અબડાસા અને લખપત ગ્રામ્યનો સમાવેશ થાય છે.
આ અભિયાન હેઠળ શિક્ષણ વિભાગ દ્વારા દેશભક્તિ થીમ આધારીત ઓનલાઇન ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે મહાનુભાવો અને ઈન્ફલુએન્સરની તિરંગા સાથેની સેલ્ફી પોસ્ટ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.
ઉપરાંત નગરપાલિકા, પંચાયત ગ્રામ્ય વિસ્તાર, પોલીસ વિભાગ દ્વારા ૯૯,૪૫૦ તિરંગાનું વિતરણ કરવામાં આવશે.

**ભુજ ફાયર વિભાગના સ્ટાફમાંથી આ આધુનિક સાધનની ટ્રેનિંગ માટે ગાંધીનગર ખાતે મોકલવામાં આવશે**

# પાણીની અંદર 'અંડર વોટર રોબોટ' કેમેરાની મદદથી ડેડ બોડી શોધવા મદદરૂપ થશે



ભુજ તા.૯
નિયામક, ગુજરાત સ્ટેટ ફાયર પ્રિવેનશન સર્વિસની કચેરી, ગાંધીનગર દ્વારા નગરપાલિકા ડિસ્ટ્રિક ફાયર સ્ટેશન, ફાયર અને ઈમરજન્સી સર્વિસીસની કચેરીને અંડર વોટર રોબોટ આપવામાં આવ્યું છે. આ રોબોટ પાણીના અંદર કેમેરાની મદદથી ડેડ બોડી શોધવામાં મદદ કરશે,જેમાં લાગેલ કેમેરાથી ઓપરેટર સ્ક્રીનમાં રોબોટની ગતિવિધિ જોઈ શકશે. આ રોબોટ સંપૂર્ણ રિમોટથી ચાલે છે, જેમાં અલગ અલગ લંબાઈના વાયર આપેલ છે. જેની મદદથી ૮૦ થી ૧૦૦ મીટરની ઊંડાઈ સુધી આ રોબોટ શોધ ખોળ કરી શકે છે. તેના આગળના ભાગમાં બોડી કેચર આપવામાં આવેલ છે જેની મદદથી ડેડ બોડીને પકડીને કિનારા સુધી લઈ આવવામાં મદદ રૂપ થશે.
આગામી સમયમાં ભુજ ફાયર વિભાગના સ્ટાફમાંથી આ આધુનિક સાધનની ટ્રેનિંગ માટે ગાંધીનગર ખાતે મોકલવામાં આવશે, ત્યાર બાદ ભુજમાં ઊંડા પાણીમાં તેનું ડેમો કરીને ફાયર સ્ટાફના જવાનોને જાણકારી આપવામાં આવશે. થોડા સમય અગાઉ ગુજરાત સરકાર દ્વારા એચ.ડી.પી.ઈ. બોટ, બોટ એન્જીન, અંડર વોટર સર્ચ એન્ડ રેસ્ક્યુ કેમેરા, લાઈફ જેકેટ, લાઈફ રીંગ, રોપ, ફ્લોટિંગ પંપ, રેસ્ક્યુ ક્રાફ્ટ, ટાવર લાઈટ, ટેન્ટ, સ્ટ્રેચર, વગેરે જેવા સાધનો આપવામાં આવેલ છે જે તમામ સાધનો હાલ ચાલુ હાલતમાં છે, અને રેસ્ક્યુ દરમ્યાન આ સાધનોનો ઉપયોગ કરીને શોધ અને બચાવની કામગીરીમાં મદદ રૂપ થાય છે, આ આધુનિક સાધનોની મદદથી ફાયર જવાનની મહેનત ઓછી થશે અને સમયનો પણ બચાવ થશે.

# જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ભુજની રતનબેન કુમાર વિદ્યાલયનો સપાટો



**૨૩ સુવર્ણચંદ્રક અંકે કરી હવે રાજ્ય કક્ષાએ કચ્છનું પ્રતિનિધિત્વ કરશે**

ભુજ તા.૯
સામાન્ય રીતે ક્રિકેટ રમતા વિધાર્થીઓ જ્યારે બિન ક્રિકેટ સ્પર્ધામાં કૌવત બતાવે ત્યારે પ્રેરક બનતા હોય છે, તાજેતરમાં ભુજની રતનબેન દેવજી વરસાણી કુમાર વિદ્યાલય કુસ્તીમાં ૨૩ સુવર્ણ ચંદ્રક જીતી જીલ્લા કક્ષાએ સપ ાટો બોલાવી દીધો હતો. રાજ્ય રમત ગમત વિભાગ આયોજિત જિલ્લા કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ૨૩ સુવર્ણ, ૩-રજત, અને બે કાંસ્ય મેડલ જીતી ઈતિહાસ સર્જ્યો હતો. અંડર -૧૪ માં વાઘાણી નીલ, કેરાઈ તુષાર ભીખાલાલ, ગોરસીયા હરિત, ભુવા ડેનિસ, વાગડીયા મિલન, પિંડોરીયા નિકુંજ, પિંડોરીયા દિવ્ય, વાઘજિયાણી ધાર્મિન, રૂદ્ર વરસાણી, ગોરસીયા પ્રથમ હરીશ, જ્યારે અંડર -૧૭ માં કેરાઈ જીગ્નેશ, વેકરીયા હિરેન, દિલખુશ વેકરીયા, રાબડીયા નૈશીલ, ભુવા સુશીલ,કેરાઈ ગૌતમ, હિરાણી પ્રિન્સ, નિખિલ વેકરીયા, શ્વેત વેકરીયા અને ભુડિયા ધાર્મિક, અંડર -૧૯માં વાઘાણી રોહિત,ગોરસીયા કરણ, વરસાણી મિતેન, વેકરીયા નિરવિક,કેરાઈ ચિંતન, ગોરસીયા મયુર, પટેલ અનિશ,રાબડીયા રોનક, ભુડીયા રુદ્ર, અને પિંડોરીયા રૂદ્ર મનજી એ સફળતા પ્રાપ્ત કરી હતી. તમામ ખેલાડીઓને સમાજ પ્રમુખ વેલજી પિંડોરિયા, ટ્રસ્ટ ચેરમેન ગોપાલ ગોરસીયા, કેસરાભાઈ પિંડોરિયા અને રામજી સેંઘાણીએ કોચ પારસ ચૌધરી, સચિન વાગડીયા, મેહુલ જોશી, જેતાભાઈ રબારી, ખેલાડીઓ, તેમજ શાળા આચાર્ય, શાળા પરિવાર સૌને અભિનંદન આપી રાજ્યકક્ષા માટે શુભેચ્છાઓ આપી હતી.

# દીનદયાળ પોર્ટે વહાણ ઉદ્યોગ માટે જગ્યા ફાળવી વ્યાપાર-વિકાસના નવા દ્વાર ખોલ્યા

**ગાંધીધામ ચેમ્બરની માંગ સંતોષાતાં સમુદ્રી વ્યાપારમાં નવી દિશા મળશે ગેમ ચેન્જર સમાન નિર્ણય સાથે કચ્છના દરિયા કિનારે નવી ક્રાંતિ સર્જાવા સાથે નાના ઉદ્યોગને મળ્યું નવું ઘર**



ગાંધીધામ તા.૯
ભારતના મહત્વના ગણી શકાય તેવા કંડલા મહાબંદરની દીનદયાળ પોર્ટ ઓથોરીટી સમક્ષ ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કરાયેલ માંગને અનુસંધાને કન્ટ્રી ક્રાફ્ટ ઉદ્યોગ માટે કાર્ગો જેટી પર નિયુક્ત જગ્યાની ફાળવણી મંજુર કરવામાં આવતાં આ નિર્ણયથી ભારતના દરિયા કિનારાના વિકાસ અને વૈશ્વિક વ્યાપારમાં તેની સ્થિતિને મજબુત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને આ ફાળવણી માત્ર એક ક્ષેત્ર પુરતી મર્યાદિત ન રહેતાં તેની વ્યાપક અસરો સમગ્ર અર્થતંત્ર અને દેશના વિકાસ પર પ ડશે તેવા વિશ્વાસ સાથે દીનદયાળ પોર્ટ ઓથોરીટીનો ચેમ્બર પ્રમુખ મહેશ પુજે આભાર વ્યક્ત કર્યો હતો સાથે જણાવ્યુ હતું કે ચેરમેન સુશીલકુમાર સીંઘ તેમજ ટ્રાફિક મેનેજર બી.રત્નશેખર રાવ અને અન્ય ટ્રાફિક વિભાગના ગણમાન્ય અધિકારીઓ સમક્ષ કન્ટ્રી ક્રાફ્ટ ઉદ્યોગ વતીથી તેમની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ નિર્ણય વેપારી સમુદાય પ્રત્યેના સક્તિ અને મૈત્રીપૂર્ણ અભિગમ હેઠળ જરૂરી સુવિધા પ્રાપ્ત થતાં આ ઐતિહાસિક પહેલની પ્રશંસા પાત્ર છે.વધુમાં આ પહેલ કન્ટ્રી ક્રાફ્ટ ઉદ્યોગને દેશના અગ્રણી પોર્ટ દ્વારા તેમના વ્યવસાયના વિસ્તરણની સુવિધા આપીને નોંધપાત્ર લાભ મેળવી શક્શે, જેનાથી આયાત-નિકાસ વોલ્યુમ અને પોર્ટની આવક બન્નેમાં નોંધપાત્ર વધારો થશે. ચેમ્બરના માનદ મંત્રી મહેશ તિર્થાણીએ આ સાથે ઉમેરેલ કે, ચેમ્બરના ખજાનચી અને શિપિંગ વ્યવસાયકાર નરેન્દ્ર રામાણીના સક્રિય પ્રયાસોથી ગાંધીધામ ચેમ્બર બંદરના વ્યાપક વિકાસ અને આંતરરાષ્ટ્રીય વ્યાપારને પ્રોત્સાહન આપવા માટે હંમેશા પ્રતિબધ્ધ છે તેમજ આ ઉદ્યોગને વિસ્તરણ માટે વધુ અવકાશ મળવા સાથે, નાના અને મધ્યમ ના વ્યાપ ારીઓને લાભ અને સ્થાનિક અર્થતંત્રને પણ પ્રોત્સાહન મળશે. સમર્પિત જગ્યાથી કાર્ગો હેન્ડલીંગમાં વધારો, વિવિધ પ્રકારના માલ-સામાનની હેરફેરમાં સુગમતા તેમજ વધારાના સંસાધનો ઉપલબ્ધ થવાથી પોર્ટના આધુનિકીકરણ માટે પણ ભંડોળમાં વધારો થશે તો નવી રોજગારીની તકોનું પણ સર્જન થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. ડીપીએના આ નિર્ણયને વધાવવા બેઠકમાં પ્રમુખ મહેશ પુજ,ઉપ પ્રમુખ દિપક પારેખ,માનદ મંત્રી મહેશ તિર્થાણી, સહમંત્રી જતિન અગ્રવાલ, ખજાનચી નરેન્દ્ર રામાણી,પૂર્વ પ્રમુખ તેજા કાનગડ,તેમજ ચેમ્બર રચિત પોર્ટસ અને પેટા સમિતિના ક્વીનર મનોજ મનસુખાણી, સહ-ક્વીનરો સર્વે શરદ શેટ્ટી, હેમચંદ્ર યાદવ અને સુરોજીત ચવર્તી તથા પોર્ટ એન્ડ શિપિંગ વ્યવસાય સાથે સંકળાયેલા અન્ય સભ્યોએ હાજર રહી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# દયાપર સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા ઉત્સવનો શુભારંભ



પવિત્ર શ્રાવણ માસ શરૂ થતાની સાથે જ તાલુકાના સ્વામિનારાયણ મંદિરોમાં હિંડોળા ઉત્સવોનો આરંભ થયો છે. લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે આવેલા ભાઈઓ તેમજ બહેનોના સ્વામિનારાયણ મંદિરમાં પણ હિંડોળા ઉત્સવની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે,ભાઈઓના સ્વામિનારાયણ મંદિરમાં હિંડોળા ઉત્સવ સાથે દરરોજ રાત્રે હરિભક્તો દ્વારા ઓછવ કીર્તન પણ કરવામાં આવી રહ્યા છે.

# FILMY ગપશપ

## અનન્યાએ અમેરિકન મોડેલને પાર્ટનર તરીકે પસંદ કર્યો

મુંબઈ, તા.૯

અનન્યા પાંડે અને આદિત્ય રોય કપૂર વચ્ચેની નિકટતા જગજાહેર હતી. અનન્યાના પિતા ચંકી પાંડે સહિતનો પરિવાર બંનેના સંબંધો અંગે જાણતો હતો અને આદિત્યને પસંદ પણ કરતો હતો. પાંડે પરિવારની વેકેશન ટૂરમાં પણ આદિત્ય સાથે જોવા મળ્યો હતો. આમ, અનન્યા-આદિત્યની જોડી લાંબો સમય ટકી રહે તેવી શક્યતા હતી. જો કે આ સંબંધ લાંબુ ટક્યો નહીં અને તેમની વચ્ચે બ્રેક અપ થયું. અનન્યા લાંબો સમય સિંગલ રહી અને પોતાની પસંદગીના પાર્ટનરની શોધ ચાલુ રાખી. દરમિયાન અમેરિકન મોડેલ વોકર સાથે તેનો પરિચય થયો અને નિકટતા વધી. તાજેતરમાં અનંત અંબાણીના વેડિંગ ફંક્શનમાં અનન્યા અને વોકર સાથે જોવા મળ્યા હતા. અનન્યાએ



પાર્ટનર તરીકે આ ફંક્શનમાં વોકરનો પરિચય કરાવ્યો હતો. વોકર બ્લાન્કો અમેરિકાના શિકાગોમાં રહે છે. ફેસબુક પ્રોફાઈલ મુજબ, તેનું મોટા ભાગનું જીવન મિયામી-ફ્લોરિડામાં વીત્યું છે. તેણે અભ્યાસ ફ્લોરિડામાં કરેલો છે. વોકર અગાઉ મોડેલ રહી ચૂક્યો છે અને કેટલાક રિપોર્ટ્સ મુજબ હવે તે અંબાણી પરિવાર સાથે વનતારા જામનગરમાં કામ કરે છે. વોકર પ્રાણી પ્રેમી વ્યક્તિ છે અને ટ્રાવેલનો શોખ છે. વોકર અને અનન્યાની મુલાકાત એક ક્રૂઝ પર થઈ હતી અને તેઓ ખૂબ ઝડપથી નિકટ આવ્યા હતા. અનંત અંબાણીના વેડિંગમાં અનન્યા અને વોકર સાથે ખૂબ નાચ્યા હતા. અનન્યાએ આ પ્રસંગે અનેક લોકોને વોકરનો પરિચય પોતાના પાર્ટનર તરીકે આપ્યો હોવાનું કહેવાય છે.

ઉલ્લેખનીય છે કે, માર્ચ મહિનામાં અનન્યા અને આદિત્ય છૂટા પડ્યા હતા. છૂટા પડ્યા બાદ પણ તેમની વચ્ચે મિત્રતા રહી છે અને એકબીજાને દુભવ્યા વગર તેઓ આગળ વધ્યા છે. અનન્યાના જીવનમાં વોકરનું આગમન થયું હોવાની માહિતી બહાર આવી છે.

## વરસાદના કારણે 'વેલકમ ટુ ધ જંગલ'ના સેટને નુકસાન થયું

મુંબઈ, તા.૯

અક્ષય કુમારની બિગ બજેટ ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'ની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. 'વેલકમ' ફ્રેન્ચાઈઝીની આ ફિલ્મના શૂટિંગ માટે મુંબઈમાં સેટ ઊભો કરાયો હતો. ભારે વરસાદના કારણે ફિલ્મના સેટને નુકસાન થયુ હતું, જેના કારણે શૂટિંગ રોકવુ પડ્યું છે. હાલ તો ફિલ્મની ટીમે સેટનું રીપેરિંગ શરૂ કર્યું છે. રિપોર્ટ્સ મુજબ, ધોધમાર વરસાદે જુલાઈ મહિનાના છેલ્લા અઠવાડિયામાં મુંબઈને ઘમરોળી નાખ્યુ હતું. મુંબઈમાં અક્ષય કુમારની આગામી ફિલ્મ વેલકમ ટુ ધ જંગલનો સેટ ઊભો કરવામાં આવ્યો હતો અને ઓગસ્ટના પહેલા વીકમાં શૂટિંગ શરૂ કરવાનોપ્લાન હતો. અક્ષય સહિત ૩૪ એક્ટર્સ આ સેટ પર હાજર રહેવાના હતા. સેટ પર ફિલ્મના એક ભવ્ય ગીતનું શૂટિંગ થવાનુ હતું.




વરસાદના કારણે સેટને નુકસાન થયું છે અને સેટને ફરી બનાવવા કવાયત ચાલી રહી છે. ફિલ્મના ડાયરેક્ટર અહેમદ ખાને આ સ્થિતિ અંગે જણાવ્યું હતું કે, સેટ ફરી બનાવવા ધમધોકાર કામ ચાલી રહ્યું છે અને સેટ બન્યાં બાદ તરત જ પ્રોડક્શન શરૂ કરવામાં આવશે. અક્ષય કુમારની આ બિગ બજેટ ફિલ્મ ૨૦૨૩માં એનાઉન્સ થઈ હતી અને કેટલાક મહિનાઓથી તેનું શૂટિંગ ચાલી રહ્યું છે.



મોડલ નિશા ગુરગેન તેના ગ્લેમરસ અંદાજને લઈ સોશિયલ મીડિયામાં સતત ચર્ચામાં રહે છે. નિશા ગુરગેન સોશિયલ મીડિયા સ્ટાર છે. રેડ આઉટફિટમાં નિશાએ ખૂબ જ શાનદાર ફોટોશૂટ કરાવ્યું છે. જેમાં નિશાનો ગ્લેમરસ અંદાજ જોવા મળી રહ્યો છે. રેડ કલરના બોડીકોન લૂકમાં સ્ટાઈલિશ અંદાજમાં નિશા ગુરગેન પોઝ આપતી જોવા મળી રહી છે.



મિસ વર્લ્ડનો ખિતાબ જીતીને સમગ્ર વિશ્વમાં ભારતને ગૌરવ અપાવનાર માનુષી છિલ્લર આજે કોઈ પરિચયની જરૂર નથી. જ્યારથી તેણે અભિનયની દુનિયામાં પગ મૂક્યો છે ત્યારથી તેના ફોલોઅર્સની યાદી પણ ઘણી વધી ગઈ છે. માનુષી સમયની સાથે બોલ્ડ બની રહી છે. તેના દેખાવ પણ લોકોનું ધ્યાન ખેંચી રહ્યા છે.

## 'આલ્ફા' મોડમાં આલિયા, કાશ્મીર પહોંચવા સજ્જ થઈ

મુંબઈ, તા.૯

સ્પાય થ્રિલર 'આલ્ફા'નું શૂટિંગ સપ્ટેમ્બર મહિનાથ કાશ્મીરમાં શરૂ થવાનું છે. બીજા શીડ્યુલમાં શૂટિંગ માટે આલિયા અને તેની ટીમ સજ્જ થઈ ગઈ છે. યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સનો વ્યાપ વધારતી આ ફિલ્મના પ્રથમ શીડ્યુલનું શૂટિંગ જુલાઈમાં મુંબઈ ખાતે શરૂ થયું હતું. થોડા સમયના બ્રેક બાદ સમગ્ર ટીમે બીજા શીડ્યુલની તૈયારીઓ શર કરી છે. રિપોર્ટ્સ મુજબ, કાશ્મીરના સુંદર લોકેશન્સ પર સપ્ટેમ્બર મહિનાથી શૂટિંગ શરૂ થશે. મુંબઈનું પ્રથમ શીડ્યુલ પૂરું થયા બાદ કાશ્મીરના લોકેશન્સ પસંદ થઈ ગયા હતા. કાશ્મીરનું શીડ્યુલ એકાદ અઠવાડિયાનું જ રહે તેવી શક્યતા છે. ઓગસ્ટના છેલ્લા વીક અથવા સપ્ટેમ્બરના પહેલા વીકમાં શૂટિંગ શરૂ થશે અને ફટાફટ તેને આટોપીને ટીમ પરત આવશે. યશરાજ પ્રોડક્શન્સની આ ફિલ્મને શિવ રવૈલ ડાયરેક્ટ કરી રહ્યાં છે. ફિલ્મમાં આંતરરાષ્ટ્રીય ઘકાવતરાની સ્ટોરી છે.



આ રોલ માટે આલિયાએ આખરી ફિઝિકલ ટ્રેનિંગ લીધી હતી અને સ્ટન્ટ કરતાં પણ શીખી હતી. આલિયાએ આ ફિલ્મમાં સુપર એજન્ટનો રોલ કર્યો છે. પોતાના રોલને ન્યાય આપવા માટે આલિયાએ શારીરિક અને માનસિક તૈયારીઓ કરી હતી. આલિયાની સાથે આ ફિલ્મમાં શર્વરી વાઘ પણ મહત્ત્વના રોલમાં છે. યશરાજ ફિલ્મ્સ દ્વારા લેડી સ્પાયની આ પહેલી ફિલ્મ છે અને ફિલ્મોના ક્રોસ ઓવરની પરંપરાને જાળવી રાખતાં આગામી સમયમાં સ્પાય યુનિવર્સના અન્ય સ્ટાર્સ સાથે આલિયા અને શર્વરીનો મુકાબલો થઈ શકે છે.

## ભારતીયો માટે 'ઘર કી મુર્ગી દાલ બરાબર' જેવી સ્થિતિઃ રેપર કિંગ

મુંબઈ, તા.૯

ભારતીય સિંગર્સ બહુ ઝડપથી ઈન્ટરનેશનલ લેવલે ખ્યાતિ મેળવી રહ્યા છે, જેમાં દિલજિત દોસાંજ મોખરે છે. યુવા પેઢીના ફેવરિટ રેપર કિંગે દિલજિત દોસાંજ સહિત અન્ય સિંગર્સની વધી રહેલી પ્રતિષ્ઠા બાબતે આનંદ વ્યક્ત કર્યો હતો. આ સાથે ભારતીયોની માનસિકતા પ્રત્યે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, તેમના માટે દેશી આર્ટિસ્ટ ઘર કી મુર્ગી દાલ બરાબર જેવી સ્થિતિ છે. ભારતમાં લોકલ ટેલેન્ટના અવમૂલ્યન અંગે વાત કરતાં કિંગે કહ્યું હતું કે, લોકોના મન સાથે જોડાઈ શકે તેવા આર્ટિસ્ટ હંમેશા પસંદ થાય છે. જો કે ભારતીયો પાશ્ચાત્ય સંસ્કૃતિથી અત્યંત પ્રભાવિત છે અને વેસ્ટ



માંથી આવે તે બધું બેસ્ટ લાગે છે. ભારતીય કલાકારોને તેઓ ઘર કી મુર્ગી દાલ બરાબર સમજે છે. જન્મથી જ વેસ્ટર્ન આર્ટિસ્ટ ચડિયાતા હોવાની માન્યતા ઘર કરી ગઈ છે. આપણે આપણા પોતાનાં જ લોકોને વખોડવામાં સમય લગાડતા નથી. નાની ભૂલો માટે પણ તેમની ટીકા કરીએ છીએ, પરંતુ કંઈક સારું હોય ત્યારે વખાણ કરવામાં કંજૂસી રાખીએ છીએ. અર્પણકુમાર ચંદેલ ગીતો લખવાની સાથે રેપર છે અને યંગ ઓડિયન્સ તેને કિંગ તરીકે ઓળખે છે. ૨૦૧૯માં એમટીવી હસલથી તેણે કરિયર શરૂ કરી હતી. બાદમાં દેશના અનેક ખ્યાતનામ રેપર જોડે તેમે પરફોર્મ કરેલું છે. હાલ કિંગ અને રેપર એમસી સ્ટેન સાથે કામ કરી રહ્યા છે.

### અનન્યા પાંડે સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે

## OTT થ્રિલર ફિલ્મ 'CTRL'માં અનન્યા બનશે

### સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કપલના છૂટા પડ્યા બાદ સર્જાયેલી ઉથલ-પાથલ રજૂ થશ

મુંબઈ, તા.૮

અનન્યા પાંડે સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે અન તેનું ફેન ફોલોઈંગ પણ મોટું છે. રીલ લાઈફમાં અનન્યા પાંડે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરનો રોલ કરવાની છે. અનન્યા અને તેનો પાર્ટનર વિહાન સામત કન્ટેન્ટ ક્રીએટર છે અને તેમને ઘણાં લોકો ફોલો કરે છે.

સોશિયલ મીડિયાની આ હિટ જોડી વચ્ચે મનદુઃખ થાય છે અને તેઓ છૂટા પડે છે. ત્યારબાદ બંનેના જીવનમાં આવેલી ઉથલ-પાથલને આ ફિલ્મમાં રજૂ કરાઈ છે. વિક્રમાદિત્ય મોટવાનેના ડાયરેક્શનમાંસોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કપલના છૂટા પડ્યા બાદ સર્જાયેલી ઉથલ-પાથલ રજૂ થશે 'ઝૂઈન' બની રહી છે. આ ફિલ્મમાં અનન્યા અને વિહાનના લીડ રોલ છે.

નેટફ્લિક્સ પર આ ફિલ્મનું ૪ ઓક્ટોબરે પ્રીમિયર થવાનું છે. ફિલ્મમાં અનન્યાએ નેલ્લા અવસ્થી અને વિહાને જો માસ્કરેન્સનો રોલ કર્યો છે. તેઓ એકબીજાને ચાહતા હોવાથી સાથે રહે છે અને સાથે કામ કરે છે. નેલ્લા અને જોને સોશિયલ મીડિયા પર લોકો ખૂબ ચાહે છે. કોઈ કારણોસર તેમની વચ્ચે બ્રેકઅપ થાય છે અને સુંદર-આદર્શ લાગતી આ જોડીના બેહૂદા પાસાં બહાર આવે છે. સોશિયલ મીડિયાના દુરુપયોગ અન તેની અંગત જીવન પર અસરોને આ ફિલ્મમાં દર્શાવવામાં આવી છે. અનન્યાએ જણાવ્યું હતુ કે, આ ફિલ્મ દરેક વ્યક્તિ માટે છે. ટેકનોલોજી પર વધી રહેલી નિર્ભરતાને આ ફિલ્મમાં દર્શાવાઈ છે. આપણે ડિજિટલ લાઈફના કંટ્રોલમાં છીએ કે નહીં? તેવો સવાલ આ ફિલ્મમાં ઊભો કરવામાં આવ્યો છે.

## ધનુષની મ્યૂઝિકલ લવ સ્ટોરી, ક્રિતિ સેનનને કહેશે 'તેરે ઈશ્ક મેં'

મુંબઈ, તા.૯

તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે વિવાદના પગલે ધનુષ છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. ધનુષ અને તમિલ ફિલ્મ મેકર્સ વચ્ચેનો વિવાદ વધુ વકરે નહીં તે માટે અન્ય એક્ટર્સ ધનુષના સપોર્ટમાં આવી ગયા છે. આ વિવાદ હાલ શમ્યો છે ત્યારે અન્ય એક કારણસર ધનુષ ચર્ચામાં છે. જો કે આ વખતે કોઈ વિવાદના કારણે નહીં, પરંતુ નવા પ્રોજેક્ટના કારણે ધનુષે ઉત્સુકતા ઊભી કરી છે. ધનુષ લાંબા સમય બાદ હિન્દી ફિલ્મ કરવા તૈયાર થઈ રહ્યો છે. 'તેરે ઈશ્ક મૈં'માં ધનુષ સાથે લીડ રોલમાં ક્રિતિ સેનન જોવા મળશે. અગાઉ 'રાંઝણા'માં આનંદ એલ. રાય અને ધનુષે સાથે કામ કર્યું હતું. આ ફિલ્મ ૨૦૧૩માં રિલીઝ થઈ હતી અને ધનુષને હિન્દી ઓડિયન્સ ઓળખતુ થયું હતું. એક દાયકા બાદ ડાયરેક્ટર-એક્ટરની જોડી ફરી સાથે કામ કરવાની છે. અને આ વખતે પણ તેઓ રોમેન્ટિક ફિલ્મ લઈને આવી રહ્યા છે. ડાયરેક્ટર આનંદે એક વર્ષ અગાઉ એક વીડિયો શેર કરી આ ફિલ્મ અંગે વાત કરી હતી. ફિલ્મની કાસ્ટ હજુ ફાઈનલ થઈ નથી, પરંતુ લીડ રોલમાં ધનુષ અન ક્રિતિ સેનન જોવા મળે તેવી શક્યતા છે. રિપોર્ટ્સ મુજબ, આનંદ અને ક્રિતિ વચ્ચે મીટિંગ થઈ હતી, જેમાં ક્રિતિને નેરેશન પસંદ આવ્યું છે. શાહિદ કપૂર સાતેની ફિલ્મ તેરી બાતોમાં ઐસા ઉલઝા જિયાને બાદ કરીએ તો ક્રિતિની અન્ય કોઈ ફિલ્મ સફળ રહી નથી.



ઝારા યાસ્મિન એક્ટ્રેસ બનવા ઈચ્છે છે. તે અનેક શોમાં નજર આવી ચૂકી છે. તે અનેક આવા બોલ્ડ ફોટોશૂટ પણ કરાવી ચૂકી છે. તે એક્ટિંગ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. ઝારા યાસ્મિને તેના તાજેતરના બોલ્ડ ફોટોશૂટની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે.જેમાં તેણે સ્કીન ટાઈટ ડ્રેસ પહેર્યો છે.



બોલિવૂડ અને ટીવીની દુનિયામાં પોતાની એક્ટિંગ કૌશલ્ય બતાવનારી અભિનેત્રી શમા સિકંદર સોશિયલ મીડિયા પર પોતાના બોલ્ડ અંદાજના કારણે જાણીતી છે. શમાએ પોતાના ઈન્સ્ટા પર ખૂબ જ શાનદાર તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં શમા ગ્રીન સ્ટાઈલિશ આઉટફિટમાં જોવા મળી રહી છે.ગ્રીન કલરના શોર્ટ ડ્રેસમાં શમા કાતિલ અંદાજમાં કેમેરાની સામે પોઝ આપતી જોવા મળે છે.

# SPORTS કોર્નર

## નીરજ ચોપરાએ કહ્યું, 'હવે અમે આગળ તૈયારી કરીશું...'

પેરિસ, તા.૯

ગોલ્ડ મેડલ માટે ભારતની સૌથી મોટી આશા, ડિફેન્ડિંગ ઓલિમ્પિક ચેમ્પિયન નીરજ ચોપરાએ પેરિસ ઓલિમ્પિકની જેવલિન થ્રો ઈવેન્ટ-માં ૮૯.૪૫ના પોતાના સિઝનના સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાથે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે પાકિસ્તાનના અરશદ નદીમે ગોલ્ડ મેડલ મેળવ્યો. સિલ્વર મેડલ જીત્યા બાદ નીરજ ચોપરાએ 'આજ તક' સાથે વાત કરતા કહ્યું કે દરેક ખેલાડીનો પોતાનો દિવસ હોય છે, આજે અરશદનો દિવસ હતો. નીરજનો બીજો થ્રો તેનો એકમાત્ર માન્ય થ્રો હતો જેમાં તેણે ૮૯ રન બનાવ્યા હતા. ૪૫ મીટર ફેંક્યો. આ સિવાય તેના પાંચેય પ્રયાસો ફાઉલ હતા. નદીમે ૯૨.૯૭ મીટરના બીજા થ્રો સાથે નવો ઓલિમ્પિક રેકોર્ડ બનાવ્યો. તેણે ૯૧.૭૯ મીટરનો છઠ્ઠો અને છેલ્લો થ્રો કર્યો હતો.' નીરજ ચોપરાએ કહ્યું, 'ક્યાંક એવું લાગતું હતું કે આજે સાતત્ય છે. એવું લાગતું હતું કે આજે તે દિવસ છે જ્યારે ૯૦ મીટરનો થ્રો બનાવવામાં આવે છે અને તેના વિશે પ્રશ્નો પૂછવામાં આવે છે. એ આજે આવવાનો હતો પણ...




ક્યાંથી નીકળશે એ ખબર નથી.. જ્યારે અર્શદે ફેંક્યો ત્યારે મને ખાતરી હતી કે એ કરશે જ, આજે એ દિવસ છે, પણ એ ન થઈ શક્યું.. હજુ પણ એની પાસે પોતાના દેશ માટે મેડલ જીત્યો, ધ્વજ લઈને મેદાનમાં ચક્કર લગાવ્યા. દરેકની અપેક્ષા સુવર્ણ ચંદ્રકનો બચાવ કરવાની હતી, હું કહેવા માંગુ છું કે રમતગમતમાં તેના ઉતાર-ચઢાવ છે, તે લાંબા સમયથી મારો દિવસ રહ્યો છે, હું જીવ્યો છું, મેં વિશ્વાસ કર્યો છે અને હું તેને જીવ્યો છું. કદાચ આજનો દિવસ મારો ન હતો. આ સ્વીકારીને અમે આગળની તૈયારી કરીશું. આ સંઘર્ષ ચાલુ રહેશે. અરશદ નદીમની પ્રશંસા કરતાં નીરજે આગળ કહ્યું, 'જુઓ, જેણે મહેનત કરી છે તેને ચોક્કસ મળશે. અરશદ નદીમ આપણું ઘણું સન્માન કરે છે અને આપણી ફરજ છે કે જો કોઈ આપણી સાથે સરસ વાત કરે તો આપણે પણ તેની સાથે સરસ વાત કરીએ. અર્શદ દ્વારા કરવામાં આવેલ થ્રો ખૂબ જ સારો હતો અને તે યોગ્ય જગ્યાએ આવ્યો જ્યાં તેની જરૂર હતી. આજે એ દિવસ હતો જ્યારે મેં વિચાર્યું કે આવું થવું જોઈએ, કારણ કે આ સમય ચાર વર્ષ પછી આવે છે. આજે મને લાગતું હતું કે કદાચ તે ત્યાં હશે, પણ કદાચ આજનો દિવસ મારો ન હતો. ,પોતાની જંઘામૂળની ઈજા વિશે વાત કરતાં તેણે કહ્યું, 'જ્યારે હું ફેંકું છું, ત્યારે મારું મન માત્ર ૫૦ થી ૬૦ ટકા જ રહે છે અને હું ઈજા ન થવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરું છું. આજે પણ મારા મનમાં એ જ વાત ચાલી રહી હતી કે થ્રો તો કરવો જ પડશે પણ એવું ન થવું જોઈએ કે મોટી ઈજા થાય અને પછી બધું અહીં જ અટકી જાય. જ્યારે એ વાત મનમાંથી નીકળી જશે ત્યારે ખરી ફેંકાઈ જશે. એ વસ્તુને હટાવી દેવી પડે છે, ફિટ રહેવાની હોય છે અને ઈજા વિશે વિચાર્યા વિના ફેંકવાની હોય છે.

## બ્રોન્ઝ મેડલ જીત્યા પછી હોકી ટીમ પર રૂપિયાનો વરસાદ



નવી દિલ્હી, તા.૯

ભારતીય હોકી ટીમે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ જીતી લીધો છે. ભારતે ગુરુવારે સ્પેન સામે રમાયેલી મેચમાં ૨-૧થી જીત નોંધાવી છે. ટીમ ઈન્ડિયાની જીત પછી તેઓ માટે પ્રાઇઝ મનીની જાહેરાત થઈ હતી. ઓડિશા સરકારે પ્રાઇઝ મનીની જાહેરાત કરી છે. હવે મધ્ય પ્રદેશે પણ મોટી જાહેરાત કરી છે. એમપીના મુખ્યમંત્રી ડોક્ટર મોહન યાદવે વિવેક સાગર પ્રસાદ માટે ૧ કરોડ રૂપિયાનુ ઈનામ જાહેર કર્યું છે.

ટીમ ઈન્ડિયાએ ઓલિમ્પિકમાં સતત બીજીવાર બ્રોન્ઝ મેડલ જીતીને ભારતે ઈતિહાસ રચ્યો છે. હોકી ટીમે ૫૨ વર્ષ પછી આ કમાલ કરી બતાવી છે. ટીમ ઈન્ડિયાની જીત બાદ ખેલાડીઓ પર રૂપિયાનો વરસાદ થયો છે. મધ્ય પ્રદેશના ખેલાડી વિવેક સાગરને પ્રાઇઝ મની તરીકે ૧ કરોડ રૂપિયા મળશે. મુખ્યમંત્રી ડોક્ટર મોહન યાદવે આ જાહેરાત કરી છે. તેઓએ વિવેક સાથે વીડિયો કોલના માધ્યમથી વાત પણ કરી. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રીએ વિવેકને શુભેચ્છાઓ પાઠવી હતી. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રીએ એક્સ પર લખ્યુ, પેરિસ ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ વિજેતા ભારતીય હોકી ટીમના ખેલાડી, અમારા મધ્ય પ્રદેશના ગૌરવ શ્રી વિવેક સાગર પ્રસાદજી સાથે વીડિયો કોલના માધ્યમથી શુભેચ્છાઓ આપી. મધ્ય પ્રદેશ સરકાર તરફથી વિવિકને ૧ કરોડ રૂપિયા આપવામાં આવશે.

જણાવી દઈએ કે, ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ પણ હોકી ટીમ માટે પ્રાઇઝ મનીની જાહેરાત કરી છે. તેઓએ ભારતીય ટીમના ડિફેન્ડર અમિત રોહિદાસને ૪ કરોડ રૂપિયાની પ્રાઇઝ મની આપવાનું એલાન કર્યું છે. તેની સાથે જ ટીમના બાકીના ખેલાડીઓને ૧૫-૧૫ લાખ રૂપિયા આપવાની ઘોષણા કરી છે.

## ભારત-શ્રીલંકાની મેચ બાદ આઈસીસી એક્શનમાં, ફિક્સિંગને લઈ માંગ્યો જવાબ

મુંબઇ,તા.૯

ભારત સામે ટી-૨૦ શ્રેણી ગુમાવ્યા બાદ શ્રીલંકાની ટીમે વનડે શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું અને તેને ૨-૦થી જીતી લીધી. તે જ સમયે, ટીમ ઈન્ડિયાના શ્રીલંકા પ્રવાસના અંત સાથે આઈસીસીના ભ્રષ્ટાચાર વિરોધી યુનિટે શ્રીલંકન ટીમના એક ખેલાડી પાસેથી ખોટી પ્રવૃત્તિઓમાં સામેલ થવાના કારણે જવાબ માંગ્યો છે. શ્રીલંકન ટીમના સ્પિનર પ્રવીણ જયવિક્રમા પર ફિક્સિંગનો આરોપ લાગ્યો છે, જે બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે તેની પાસેથી જવાબ માંગ્યો છે અને તેના કારણે હવે તેની કારકિર્દી પર મોટો સવાલ ઉભો થઈ ગયો છે.

એક અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે શ્રીલંકન ટીમના ખેલાડી પ્રવીણ જયવિક્રમા પર ૩ આરોપો લગાવ્યા છે.આઈસીસી ભ્રષ્ટાચાર વિરોધી સંહિતા હેઠળ, જયવિક્રમાએ ૧૪ દિવસની અંદર એટલે કે ૨૦ ઓગસ્ટ સુધીમાં આ તમામ આરોપોનો જવાબ આપવાનો રહેશે. વાસ્તવમાં, આઈસીસીના



ભ્રષ્ટાચાર વિરોધી એકમે જયવિક્રમા પર આરોપ લગાવ્યો છે કે ફિક્સિંગને લઈને તેમનો સંપર્ક કરવામાં આવ્યો હતો તે માહિતી તેણે અમારી સાથે શેર કરી નથી. આ સિવાય પ્રવીણ પર ભ્રષ્ટાચાર વિરોધી એકમની તપાસમાં અવરોધ ઉભો કરવાનો પણ આરોપ છે અને ત્યાર બાદ હવે આઈસીસી એ તેની સામે આ કાર્યવાહી કરી છે.આઈસીસી ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાની કલમ ૨.૪.૪ હેઠળ તેમની સામે આ આરોપો લગાવવામાં આવ્યા છે. જો પ્રવીણ જયવિક્રમાના કરિયરની વાત કરીએ તો તે શ્રીલંકન ટીમ માટે અત્યાર સુધીમાં ૫ ટેસ્ટ, ૫ વનડે અને ૫ ટી૨૦ મેચ રમી ચુક્યો છે. જેમાં તેણે ટેસ્ટમાં ૨૫, વનડેમાં ૫ અને ટી૨૦માં ૨ વિકેટ ઝડપી છે. પ્રવીણે એપ્રિલ ૨૦૨૧માં શ્રીલંકન ટીમ માટે ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. ભારત સામે ટી-૨૦ શ્રેણી ગુમાવ્યા બાદ શ્રીલંકાની ટીમે વનડે શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું અને તેને ૨-૦થી જીતી લીધી. તે જ સમયે, ટીમ ઈન્ડિયાના શ્રીલંકા પ્રવાસના અંત સાથે આઈસીસીના ભ્રષ્ટાચાર વિરોધી યુનિટે શ્રીલંકન ટીમના એક ખેલાડી પાસેથી ખોટી પ્રવૃત્તિ ઓમાં સામેલ થવાના કારણે જવાબ માંગ્યો છે. શ્રીલંકન ટીમના સ્પિનર પ્રવીણ જયવિક્રમા પર ફિક્સિંગનો આરોપ લાગ્યો છે, જે બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે તેની પાસેથી જવાબ માંગ્યો છે અને તેના કારણે હવે તેની કારકિર્દી પર મોટો સવાલ ઉભો થઈ ગયો છે.

# પારંપરિક પૂજન સાથે ભુજીયા ડુંગર પર મેળો યોજાયો






નાગ પંચમીના અવસરે ભુજ માં રાજવી પરિવાર દ્વારા યોજાતી પ રમ્પરા ગત ભૂજગ દેવ ની પૂજા યોજાઈ હતી જેમાં રાજવી પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.અને કુંવર ઈન્દ્રજીતસિંહ જાડેજા એ પૂજન કર્યું હતું જેમાં રાજવી પરિવાર ના અન્ય આગેવાનો પણ જોડાયા હતા અને પૂજન કર્યું હતું રજાશાહી સમય થી અહી પૂજા અને સાંજે મેળાનુ આયોજન થયા છે ત્યારે તેમાં લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને વાજતે ગાજતે પૂજન માં જોડાયા હતા તો બીજી તરફ કચ્છના રાજવી પ રિવારના મહારાવ હંવંતસિંહ એ ભુજિયા કિલ્લામાં પૂજા-અર્ચના કર્યું હતું યુવરાજ પ્રતાપસિંહ અને શાલિનીદેવી ,કૃપાલ મહારાજ અને તેમના કુંવર અનિરુદ્ધસિંહજી,ત્રિશુલિનીકુમારી અને કચ્છના મેઘદીપસિંહજી સાથે મંદિરમાં ધાર્મિક વિધિઓ કરી હતી.



## બાંગ્લાદેશમાં હંગામા પાછળ પાકિસ્તાનની ISIનો હાથ છે : શેખ હસીનાના પુત્રનો દાવો

ઢાંકા, તા.૯

બાંગ્લાદેશમાં તખ્તાપલટ બાદ વડાપ્રધાન પદેથી રાજીનામું આપીને ભારત પહોંચેલા શેખ હસીનાના પુત્ર એ પાકિસ્તાન સામે મોટો દાવો કર્યો છે. તેણે બાંગ્લાદેશમાં અરાજકતાની સ્થિતિ માટે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈને જવાબદાર ઠેરવી છે.શેખ હસીનાના પુત્ર સજીબ વાઝેદ જોયે બાંગ્લાદેશમાં અશાંતિ ફેલાવવા માટૈં જીૈને જવાબદાર ઠેરવ્યું છે અને કહ્યું છે કે તેમાં પાકિસ્તાનનો હાથ છે.શેખ હસીના બાંગ્લાદેશ પરત ફરવાની સંભાવના વિશે વાત કરતાં તેમણે કહ્યું કે બાંગ્લાદેશમાં લોકશાહી પુનઃસ્થાપિત થતાં જ તેમની માતા તેમના દેશમાં પરત ફરશે. તે ચોક્કસપણે પુનરાગમન કરશે પરંતુ હજુ સુધી તે નક્કી કરવામાં આવ્યું નથી કે તે નિવૃત્ત નેતા તરીકે પરત ફરશે કે સક્રિય નેતા તરીકે.તેમણે કહ્યું કે શેખ મુજીબુર રહેમાનના પરિવારના સભ્યો તેમના લોકો અને તેમની પાર્ટી અવામી લીગને છોડશે નહીં. અવામી લીગ બાંગ્લાદેશની સૌથી મોટી અને જૂની પાર્ટી છે, તેથી આવી સ્થિતિમાં અમે અમારા લોકો તરફ પીઠ ફેરવી શકીએ નહીં. બાંગ્લાદેશમાં લોકશાહીની પુનઃસ્થાપના બાદ તે ચોક્કસપણે પોતાના દેશમાં પરત ફરશે. તેમણે તેમની માતા શેખ હસીનાની સુરક્ષા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારનો પણ આભાર માન્યો અને બાંગ્લાદેશમાં લોકશાહીની પુનઃસ્થાપના માટે દબાણ લાવવા વિનંતી કરી.જોયે કહ્યું કે હું મારી માતાની સુરક્ષા માટે ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું પીએમ મોદીનો આભારી છું. જો ભારત તેના પૂર્વીય ક્ષેત્રમાં સ્થિરતા ઈચ્છે છે તો તેણે આંતરરાષ્ટ્રીય સમુદાય પર દબાણ લાવવું પડશે. બાંગ્લાદેશમાં 'ઈન્ડિયા આઉટ' અભિયાન વિશે વાત કરતા જોયે કહ્યું કે ભારત વિરોધી શક્તિઓ ખૂબ જ સક્રિય છે અને અવામી લીગને સત્તા પરથી હટાવીને આઈએસઆઈ હવે બાંગ્લાદેશને ઈચ્છે તેટલા હથિયારો સપ્લાય કરી શકે છે.તેણે કહ્યું કે હા, એ વાત સાચી છે કે તે (શેખ હસીના) બાંગ્લાદેશ પરત નહીં ફરે. પરંતુ છેલ્લા બે દિવસમાં ઘણું બદલાઈ ગયું છે. હવે અમે અમારા લોકોની સુરક્ષા માટે જે પણ જરૂરી હશે તે કરીશું. અમે તેમને એકલા નહીં છોડીએ. અવામી લીગને ભારતના બારમાસી સાથી ગણાવતા જોયે કહ્યું કે ભારતે આંતરરાષ્ટ્રીય દબાણ બનાવીને બાંગ્લાદેશમાં અવામી લીગના નેતાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જોઈએ. આ સાથે તેમણે મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં રચાયેલી નવી વચગાળાની સરકારને દેશમાં કાયદો અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા વિનંતી કરી છે.

## રાજ્યના પાંચ આઈએએસએ કરાવવો પડશે સ્વાસ્થ્ય પરીક્ષણ

નવી દિલ્હી, તા.૯

પૂજા ખેડકરની ઘટના બાદ હવે કેન્દ્ર સરકારનું (ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ) પણ એલર્ટ થઈ ગયું છે. પૂજા ખેડકર જેવા નકલી અધિકારીઓ અન્ય રાજ્યોમાં ન હોય તે તપાસવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. દેશના તમામ રાજ્યોમાં કોઈપણ વિકલાંગ અધિકારીની વિકલાંગતાની તપાસ કરવા માટે દરેક રાજ્ય સરકારને સૂચના આપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પૂજા ખેડકરની બહુચર્ચિત ઘટના બાદ હવે કેન્દ્ર સરકારનું ડીઓપીટી (કર્મચારી અને તાલીમ વિભાગ) પણ સતર્ક થઈ ગયું છે. પૂજા ખેડકર જેવા નકલી અધિકારીઓ અન્ય રાજ્યોમાં ન હોય તે તપાસવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. દેશના તમામ રાજ્યોમાં કોઈપણ વિકલાંગ અધિકારીની વિકલાંગતાની તપાસ કરવા માટે દરેક રાજ્ય સરકારને સૂચના આપવામાં આવી છે.સૂત્રોનું માનીએ તો, ગુજરાત સરકારને પણ આવો જ આદેશ મળ્યો છે, જેના પછી ગુજરાતના પાંચ IAS અધિકારીઓએ સ્વાસ્થ્ય પરીક્ષણ કરાવવું પડી શકે છે. આગામી દિવસોમાં આ અધિકારીઓના વિકલાંગતા પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉપરાંત તેમની વર્તમાન સ્થિતિની પણ તપાસ કરવામાં આવશે.મળતી માહિતી મુજબ, ગુજરાત સરકાર દ્વારા મળેલા આદેશ બાદ હવે રાજ્યના ૫ IAS, ૨ IPS અને ૧ IFS અધિકારીઓએ સ્વાસ્થ્ય પરીક્ષણ કરાવવું પડશે. પૂજા ખેડકરની અરજી પર દિલ્હી હાઈકોર્ટે બુધવારે યુપીએસસીને તેની નિમણૂક રદ કરવાનો આદેશ ૨ દિવસમાં આપવા જણાવ્યું હતું.પૂજાએ પોતાની ઉમેદવારી રદ કરવાના જીઝના નિર્ણયને હાઈકોર્ટ માં પડકાર્યો છે. જસ્ટિસ જ્યોતિ સિંહની ખંડપીઠ સમક્ષ પૂજા ખેડકરના વકીલ ઈન્દિરા જયસિંહે પ્રેસ રિલીઝને ટાંકીને કહ્યું હતું કે આ કેસમાં અજીબ વાત એ છે કે પૂજાની ઉમેદવારી રદ કરવાનો આદેશ તેમને આજ સુધી આપવામાં આવ્યો નથી તે માત્ર પ્રેસ રિલીઝ છે .તેમણે માંગ કરી હતી કે પ્રેસ રિલીઝ રદ થવી જોઈએ.

## પીએમ મોદીએ મોહમ્મદ યુનુસને વચગાળાની સરકારની રચના પર અભિનંદન આપ્યા

નવી દિલ્હી, તા.૯




ઘણા દિવસોની અશાંતિ અને રાજકીય ઉથલપાથલ બાદ બાંગ્લાદેશમાં વચગાળાની સરકારની રચના કરવામાં આવી છે. નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસે ગુરુવારે દેશમાં વચગાળાની સરકારના વડા તરીકે શપથ લીધા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શપથગ્રહણ બાદ મુહમ્મદ યુનુસને અભિનંદન પાઠવ્યા છે અને બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત તમામ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માંગ કરી છે.પીએમ મોદીએ પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, 'પ્રોફેસર મુહમ્મદ યુનુસને તેમની નવી જવાબદારીઓ સંભાળવા પર મારી શુભેચ્છાઓ. અમે હિંદુઓ અને અન્ય તમામ લઘુમતી સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરીને સામાન્ય સ્થિતિમાં વહેલા પાછા આવવાની આશા રાખીએ છીએ. શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે બંને દેશોના લોકોની સહિયારી આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે ભારત બાંગ્લાદેશ સાથે કામ કરવા પ્રતિબદ્ધ છે.લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ મુહમ્મદ યુનુસને અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું હતું કે દેશમાં શાંતિની વહેલી પુનઃસ્થાપના એ સમયની જરૂરિયાત છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક ફોટો પોસ્ટ કરતા રાહુલે કહ્યું, 'પ્રોફેસર મુહ-મ્મદ યુનુસને બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા તરીકે શપથ લેવા બદલ અભિનંદન.' તેમણે લખ્યું, 'શાંતિ અને સામાન્યતાની ઝડપી પુનઃસ્થાપના એ સમયની જરૂરિયાત છે.'તમને જણાવી દઈએ કે પાડોશી દેશમાં હિંસક વિરોધ પ્રદર્શન બાદ શેખ હસીનાએ પીએમ પદ પરથી રાજીનામું આપી દેશ છોડી દીધો હતો. આ ઘટનાના ત્રણ દિવસ બાદ યુનુસે રખેવાળ સરકારના વડા તરીકે શપથ લીધા હતા. બાંગ્લાદેશની વચગાળાની સરકારને દેશમાં નવી ચૂંટણીઓ કરાવવાની જવાબદારી સોંપવામાં આવી છે.

## હિજાબ પરથી પ્રતિબંધ ઊઠાવી લેવાનો આદેશ સુપ્રીમ દ્વારા કરાયો

મુંબઈ, તા.૯

મુંબઈની ખાનગી કોલેજો દ્વારા હિજાબ, ટોપી પહેરવા કે કોઈ બેજ પહેરવા પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હવે આ પ્રતિબંધ સામે સ્ટે મૂકી દેતાં સુપ્રીમ કોર્ટે જોરદાર આંચકો આપ્યો છે. મુંબઈની એન.જી.આચાર્યા અને ડી કે મરાઠા કોલેજની મુસ્લિમ વિદ્યાર્થીનીઓ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટે વચગાળાનો આદેશ આપતાં આ ચુકાદો આપ્યો હતો. વિદ્યાર્થીનીઓએ બોમ્બે હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. આગામી ૧૮ નવેમ્બર સુધી હવે હિજાબ પરથી પ્રતિબંધ ઊઠાવી લેવાનો આદેશ સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયો છે.

જજે કોલેજ વતી હાજર વકીલને પૂછ્યું કે શું કોલેજના વહીવટી તંત્ર દ્વારા છોકરીઓનો ચાંલ્લો કરવા કે તિલક કરવા પર પ્રતિબંધ મૂકાશે? જજે કહ્યું કે વિદ્યાર્થીનીઓને એ વાતની છૂટ હોવી જોઈએ કે તેઓ શું પહેરીને કોલેજ આવે, તેમને દબાણ ન કરવું જોઈએ. આ દુર્ભાગ્યપૂર્ણ છે કે અચાનક જ તમને એવું લાગવા લાગ્યું છે કે દેશમાં ઘણાં બધાં ધર્મો છે.

જસ્ટિસ સંજીવ ખન્ના અને સંજય કુમારની બેન્ચે આ મામલે ચુકાદો આપતી વખતે કોલેજ દ્વારા મૂકવામાં આવેલી શરતો પર દંગ રહી ગયા હતા. મુંબઈની એન.જી.આચાર્યા અને ડી કે મરાઠા કોલેજની મુસ્લિમ વિદ્યાર્થીનીઓ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુપ્રીમ કોર્ટે વચગાળાનો આદેશ આપતાં આ ચુકાદો આપ્યો હતો. જસ્ટિસ ખન્નાએ કોલેજ વતી હાજર વકીલને ફટકાર લગાવતાં કહ્યું કે આ શું છે? આ પ્રકારના નિયમ લાગુ ન કરશો. તમે ધર્મ જાહેર ન કરવાની વાત કરો છો? તમારી કોલેજ જ આ નિયમ લાગુ કરવા માટે આ પ્રકારનું કારણ આપી રહી છે કે જેથી કોઈના ધર્મ જાહેર ન થાય.

## લોકતાંત્રિક સિદ્ધાંતોને માન આપીને નિર્ણયો લે : મેથ્યુ મિલર

વોશિંગ્ટન,તા.૮

બાંગ્લાદેશની રાજકીય સ્થિતિ પર યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું, મેં બાંગ્લાદેશની વચગાળાની સરકાર સાથે વાત કરી છે. તેમણે કહ્યું કે વચગાળાની સરકાર નિર્ણયો લઈ રહી છે. અમે ઈચ્છીએ છીએ કે તેઓ લોકતાંત્રિક સિદ્ધાંતોને માન આપીને નિર્ણયો લે. એક પ્રશ્નના જવાબમાં મિલરે કહ્યું કે, અમે માનીએ છીએ કે વચગાળાની સરકાર બાંગ્લાદેશમાં લાંબા ગાળાની શાંતિ અને રાજકીય સ્થિરતા સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

લાઓસમાં ભારતીય દૂતાવાસે ગોલ્ડન ટ્રાયેન્ગલ સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં સાયબર-ફ્રોડ (કૌભાંડ) કેન્દ્રોમાંથી ૧૪ ભારતીય યુવાનોને બચાવ્યા છે. અધિકારીઓ હવે લાઓ સત્તાવાળાઓ સાથે તેમના સુરક્ષિત ભારતમાં પાછા ફરવા માટે અથાક મહેનત કરી રહ્યા છે. ભારતીય દૂતાવાસના જણાવ્યા અનુસાર લાઓસમાં અત્યાર સુધીમાં ૫૪૮ ભારતીય યુવાનોને બચાવી લેવામાં આવ્યા છે. ભારતીય દૂતાવાસે લાઓસમાં નોકરીઓ અંગે ભારતીયોને સલાહ પણ જારી કરી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે નોકરીની ઓફર કરવામાં આવે ત્યારે તેઓએ પોતાને જોખમમાં ન નાખવું જોઈએ. આ નોકરી તેમને લલચાવી શકે છે અને સાયબર સ્કેમમાં દબાણ કરી શકે છે. 'એક્સ' પર, લાઓસમાં ભારતીય દૂતાવાસે કહ્યું, ભારતીય યુવાનોને સલાહ આપવામાં આવે છે કે તેઓ સલાહને ધ્યાનથી વાંચે અને તેનું પાલન કરે. તેમાં સૂચવવામાં આવ્યું છે કે, તાજેતરમાં, એવા કિસ્સાઓ સામે આવ્યા છે જેમાં ભારતીયોને



થાઈલેન્ડ મારફતે રોજગાર માટે લાઓ પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક (લાઓસ) તરફ આકર્ષવામાં આવ્યા હતા. દુબઈમાં નકલી કંપનીઓના એજન્ટો બેઠા છેઃ દુબઈમાં ઘણી નકલી કંપનીઓના એજન્ટો કામ કરી રહ્યા છે, જેઓ ભારતીયોને પોતાની ચુંગાલમાં ફસાવી રહ્યા છે. તેમના ઘણા સહયોગીઓ બેંગકોક, સિંગાપોર અને ભારતમાં કામ કરી રહ્યા છે.

ઈન્ડિયાસ્પોરાએ યુએસમાં ભારતીય મૂળના રાજકીય ઉમેદવારો પર વધી રહેલા વંશીય હુમલાની નિંદા કરી હતી. પ્રભાવશાળી ભારતીય ડાયસ્પોરા બોડીએ બુધવારે જણાવ્યું હતું કે ભારતીય ડાયસ્પોરા અમેરિકાની ઊંડી ચિંતા કરે છે. દેશના ભલા માટે બળ બનવા માટે પ્રતિબદ્ધ. ઈન્ડિયાસ્પોરાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ ચૂંટણી ચક્ર દરમિયાન, રાજકીય પાંખની બંને બાજુ જાહેર સેવામાં અગ્રણી ભારતીય-અમેરિકન નેતાઓને તેમની જાતિના આધારે શરમજનક રીતે નિશાન બનાવવામાં આવ્યા છે. અમારું માનવું છે કે આ પ્રકારનું વર્તન વિવિધતામાં સમાવેશ, આદર અને શક્તિના ઉચ્ચ મૂલ્યોની વિરુદ્ધ છે જે આપણો દેશ પકડી રાખવા અને પ્રેક્ટિસ કરવાની ઈચ્છા ધરાવે છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "અમે વધુ સારા અમેરિકા, ખરેખર વધુ સંપૂર્ણ યુનિયનના વિઝનમાં દઢપણે વિશ્વાસ કરીએ છીએ, જેમાં અમે યોગદાન આપવાનો પ્રયત્ન કરીએ છીએ." તાજેતરમાં બહાર પાડવામાં આવેલ ઈન્ડિયાસ્પોરા ઈમ્પેક્ટ રિપોર્ટ દર્શાવે છે કે વર્તમાન વહીવટમાં વરિષ્ઠ સરકારી હોદ્દાઓ પર ૧૫૦ ભારતીય-અમેરિકનો છે, જે અમેરિકાની સેવા કરવા માટે ભારતીય ડાયસ્પોરાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. બંને રાજકીય પક્ષોના વહીવટ હેઠળ આ સંખ્યા સતત વધી રહી છે અને છેલ્લા દાયકામાં તેમાં ૧૫૦ ટકાનો વધારો થયો છે. વધુમાં, પાંચ ભારતીય-અમેરિક નો પ્રતિનિધિ સભામાં ચૂંટાયેલા અધિકારીઓ તરીકે સેવા આપે છે. તેમાંથી ઓછામાં ઓછા બે આગામી ચૂંટણી લડી રહ્યા છે.

## રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ વાહનચાલકોને રાષ્ટ્રધ્વજ વિતરણ કર્યા

અમદાવાદ,તા.૯

રાજ્યભરમાં હર ઘર તિરંગા યાત્રા અભિયાનના ભાગરૂપે અમદાવાદ શહેર પોલીસ દ્વારા તિરંગાનું વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ખુદ ગુજરાતના રાજ્યકક્ષાના ગૃહપ્રધાન હર્ષ સંઘવી ઉપસ્થિત રહીને વાહન ચાલકોને તિરંગાનું વિતરણ કરીને હર ઘર તિરંગા અભિયાનને વેગ આપ્યો હતો.

દરેક નાગરિકોમાં દેશ પ્રત્યે પ્રેમ, આદર અને સન્માનની લાગણી બળવતર રહે, તેમજ આઝાદી માટે જે લડવૈયાઓએ પોતાના પ્રાણની આહુતી આપીને મહામુલી આઝાદી અપાવી છે તેના સ્મરણમાં સરકાર દ્વારા દર વર્ષે સ્વતંત્ર્ય પર્વના એક સપ્તાહ પૂર્વે હર ઘર તિરંગા અભિયાન હાથ ધરે છે. લોકો પોતાના ઘરે તિરંગો ફરકાવીને ગર્વ અનુભવે તે માટે વિવિધ સંસ્થાઓ દ્વારા પ્રયાસ હાથ ધરાતા હોય છે.

## ભૂતે પોતાના દુશ્મન પર એફઆઈઆર નોંધાવી

લખનૌ, તા.૯

ઉત્તર પ્રદેશથી એક એવો ચોંકવનારો મામલો સામે આવ્યો છે કે જાણીને તમે પણ અચંબિત થઈ જશો. શું કોઈ ભૂત એફઆઈઆર નોંધાવી શકે ખરા? અહીં મૃતક વ્યક્તિના નામે વર્ષ ૨૦૧૪માં એક જમીનના વિવાદમાં એક જ પરિવારના પાંચ લોકો પર કેસ દાખલ કરાયો. તપાસ અધિકારીએ નિવેદન પણ નોંધ્યા અને ચાર્જશીટ પણ ફાઈલ કરી...ત્યારબાદ કેસ ચાલતો રહ્યો. આ મામલો યુપીના કુશીનગરનો છે. વાત જાણે એમ છે કે મોતના ૩ વર્ષ બાદ મૃત વ્યક્તિએ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી. હવે તમે પણ વિચારતા હશો કે આખરે ભૂત એફઆઈઆર કેવી રીતે કરાવી શકે. આ સમગ્ર મામલાની હકીકત જાણવા જેવી છે. મામલો જ્યારે હાઈકોર્ટ પહોંચ્યો તો કોર્ટે તમામ પહેલુઓની તપાસ કરીને કુશીનગરના એસપીને પૂંછ્યું કે કોઈ મૃત વ્યક્તિ કે કોઈ ભૂત પણ FIR કરીને



નિર્દોષને ફસાવી શકે છે? વાત જાણે એમ છે કે આ મામલામાં વર્ષ ૨૦૧૪માં એક જમીનના મામલે મૃત વ્યક્તિએ એક પરિવારના પાંચ લોકો પર એફઆઈઆર કરાવી અને આ મમલે તપાસ કરી રહેલા તપાસ અધિકારીએ નિવેદન નોંધી પણ લીધુ. ત્યારબાદ તેની ચાર્જશીટ પણ દાખલ કરી દીધી. જ્યારે મામલો ટ્રાયલ કોર્ટમાં આવ્યો તો કોર્ટે આ મામલાને ધ્યાનમાં લીધો. જ્યારે મામલો અલાહાબાદ હાઈકોર્ટમાં આવ્યો તો કોર્ટે આ મામલાને સાંભળીને રદ કરી નાખ્યો અને એસપીને તપાસ કરવાનું કહ્યું કે કોઈ ભૂત કેવી રીતે નિર્દોષને ફસાવી શકે? નોંધનીય છે કે કુશીનગરના હાટા પોલીસ મથક વિસ્તારમાં રહેતા આરોપી પુરુષોત્તમ સિંહ સહિત તેમના બે ભાઈઓ અને બે પુત્રોએ પોલીસ તરફથી દાખલ ચાર્જશીટને અલાહાબાદ હાઈકોર્ટમાં પડકારી. જસ્ટિસ સૌરભ શ્યામ સમસેરીની કોર્ટમાં જાણકારી અપાઈ કે વર્ષ ૨૦૧૪માં પુરુષોત્તમ અને અન્ય વિરુદ્ધ શબ્દપ્રકાશ નામના વ્યક્તિએ ફ્રોડની એફઆઈઆર નોંધાવી. જ્યારે શબ્દપ્રકાશનું તો ૨૦૧૧માં મોત થઈ ચૂક્યું છે.

વકીલ રાજેશકુમારે દલીલ કરી કે મૃતક શબ્દપ્રકાશ સાથે આરોપી ઓનો જૂનો જમીન વિવાદ ચાલે છે અને વાદી શબ્દપ્રકાશના મોત બાદ પણ મામલાના તપાસ અધિકારીએ તેમનું નિવેદન નોંધાવીને બધા વિરુદ્ધ ચાર્જશીટ પણ ફાઈલ કરી દીધી. વકીલે મૃતક શબ્દપ્રકાશની પત્ની મમતા દ્વારા અપાયેલું ડેથ સર્ટિફિકેટ પણ જોડ્યું હતું.

## સરદાર સરોવર ડેમની સપાટી વોર્નિંગ સ્ટેજે પહોંચી

નર્મદા, તા.૯

ગુજરાતમાં હાલ વરસાદ થોડો રોકાયેલો છે, પરંતુ છૂટાછવાયો વરસાદ પડી રહ્યો છે. જ્યારે અન્ય રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે વરસાદના પાણીની તેમજ ઉપર વાસના ડેમમાંથી છોડાયેલા પાણીની આવક થતા ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં પાણીની સપાટી ૧૨૮.૬૯ મીટર સુધી પહોંચી છે. ૯ ઓગસ્ટ બપોરે ૩.૦૦ કલાક સુધી ડેમમાં કુલ ૩.૫૪ લાખ ક્યુસેક પાણીની આવક થઈ છે. સરદાર સરોવર ડેમની કુલ સંગ્રહશક્તિ ૯,૪૬૦ મિલિયન ક્યુબીક મીટર છે. હાલમાં સરદાર સરોવર ડેમમાં સંગ્રહ શક્તિના ૭૦ ટકા એટલે કે, ૬,૬૨૨ મિલિયન ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ થતા ડેમમાં પાણીની સપાટી વોર્નિંગ સ્ટેજ પર પહોંચી છે. સરદાર સરોવર ડેમમાં પાણીની સપાટી ને વોર્નિંગ સ્ટેજથી ઘટાડવા માટે રીવર બેડ પાવર હાઉસના માધ્યમથી આશરે ૨૮,૪૬૪ ક્યુસેક પાણીને નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે તેમ સરદાર સરોવર નિગમની યાદીમાં જણાવાયું છે.

ગુજરાતના વરસાદ અંગે હવામાન વિભાગે આગામી સાત દિવસની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુજરાતમાં આગામી સાત દિવસ માટે ક્યાંય ભારે વરસાદ નહીં પડે. જોકે, કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે.

બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં સામાન્ય વરસાદ પડી શકે છે. આ ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારો માં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ,બોટાદ, કચ્છ અને દીવમાં આગામી સાત દિવસોમાં સામાન્ય વરસાદ પડી શકે છે. કુલ ૮૬.૭૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૮૨.૯૫ ટકા વરસાદ વરસાદ સાથે સામાન્ય કરતાં સારો વરસાદ જોવા મળ્યો છે.

## પાકિસ્તાનના અરશદ નદીમે જેવલિન થ્રો કરી ગોલ્ડ જીત્યો

પેરિસ, તા.૯

પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં 'જેવલિન થ્રો'ની ફાઇનલ ઈવેન્ટમાં પાકિસ્તાનના અરશદ નદીમે ભારતના નીરજ ચોપરાને આકરી ટક્કર આપી હરાવ્યો છે. અરશદે ૯૨.૯૭ મીટર નો જેવલિન થ્રો કરી ગોલ્ડ જીતવાની સાથે ઓલિમ્પિકમાં સૌથી દૂર જેવલિન થ્રો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. નીરજે ૮૯.૪૫ મીટર જેવલિન થ્રો કરી ભારત માટે સિલ્વર મેડલ જીત્યો હતો. આ ઈવેન્ટમાં ગ્રેનાડાના એન્ડરસન પીટર્સે ૮૮.૫૪ મીટર જેવલિન થ્રો સાથે બ્રોન્ઝ જીત્યો હતો. આમ, પાકિસ્તાનનો એક ગોલ્ડ મેડલ પેરિસ ઓલિમ્પિકમાં ભારતે જીતેલા અત્યાર સુધીના ૫ મેડલ સામે નીખરી આવ્યો છે. નીરજ ચોપરા ૮ ઑગસ્ટે રાત્રે ૧૧:૪૫ વાગ્યે પેરિસમાં જેવલિન થ્રો કર્યો હતો, ત્યારે એવી અપેક્ષા હતી કે તેઓ ભારતને આ ઓલિમ્પિક નો ૫ હેલો ગોલ્ડ અપાવશે, પરંતુ પાકિ-




સ્તાની એથ્લેટ અરશદ નદીમે પાકિ-સ્તાનને ૯૨.૯૭ મીટરના રૅકોર્ડ અંતરે જેવલિન થ્રો કરી ગોલ્ડ મેડલ જીતવાની સાથે ભારતને મોટો આંચકો આપ્યો હતો. પાકિસ્તાન હવે એક ગોલ્ડ મેડલ જીત્યા બાદ મેડલ ટેબલમાં(૯ ઑગસ્ટ-ના સવારે ૬ વાગ્યા સુધી) ૫૩માં સ્થાને છે. જ્યારે ભારત તેનાથી ૧૧ સ્થાન નીચે ૬૪માં ક્રમે છે. ભારતે પેરિસ ઓલિમ્પિકમાં નીરજના ૧ સિલ્વર સહિત ૪ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. ભારતને હોકીમાં એક બ્રોન્ઝ મેડલ મળ્યો છે, જ્યારે ૩ બ્રોન્ઝ મેડલ શૂટિંગ માં આવ્યા છે.

તેનો અર્થ એ થાય છે કે, પાકિ-સ્તાનનો ગોલ્ડ મેડલ ભારત કરતાં વધુ છે. જેના કારણે પાકિસ્તાન મેડલ ટેબલમાં ભારતથી ઉપર પહોંચી ગયું છે. અરશદ નદીમે મેડલ જીતીને બેવડો ફટકો આપ્યો છે. કરોડો ભારતીયોની અપેક્ષા પર પાણી ફેરવવાની સાથે ઓલિમ્પિક ગેમ્સમાં રૅકોર્ડ પણ બનાવ્યો છે, અને મેડલ ટેબલમાં ભારત કરતાં પાકિસ્તાન આગળ નીકળી ગયું છે

## સંક્ષિપ્ત સમાચાર

# લખપતમાં 'કિશોર સ્વાસ્થય અને સુખાકારી દિવસ' ઉજવાયો



દયાપર તા.૯

લખપત તાલુકાના ઘડુલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સબ સેન્ટર દ્વારા લખપતની પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત 'એડ઼ોલેશન્ટ હેલ્થ એન્ડ વેલનેસ ડે' ની ઉજવણી કરવામાં આવી હતી. યોજાયેલા રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત કિશોર સ્વાસ્થ્ય અને સુખાકારી દિવસની ઉજવણીમાં કિશોરીઓના વજન, ઊંચાઈ, બી.એમ.આઈ. ચેક કરી, કિશોરીઓને રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ, પોષક આહાર, માસિક ધર્મ સ્વચ્છતા, તેમજ વરસાદી સિઝન દરમિયાન મચ્છરજન્ય રોગચાળા અંગે ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, ૨૮ કિશોરીઓનું હીમોગ્લોબિન ચેક કરી આયર્ન ફોલિક એસિડની ટેબલેટ આપી, ગોળી વિષે માહિતી અપાઈ હતી. આ કાર્યકૃમ દરમ્યાન ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું,યોજાયેલ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના હર્ષાબેન જોશી, અજયભાઈ, માનબાઈ, આશાબેન તેમજ શાળા સ્ટાફ અને કિશોરીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુંદરા કન્યા વિદ્યાલયમાં છાત્રાઓને સ્વરક્ષણની તાલીમ અપાઈ



મુંદરા તા.૯

અહીંની સી.કે.એમ.કન્યા વિદ્યાલયમાં 'નારી વંદના સપ્તાહ' નિમિત્તે સ્ત્રી સશક્તિકરણ વિષયે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાર્થના સભામાં દૈનિક પ્રેરણા અંતર્ગત વિદ્યાર્થીનીઓને, સ્વ-રક્ષણ, મહાન નારી વ્યક્તિત્વોનો પરિચય, અને પોકશો કાયદા વિષયક માહિતી શાળાના શિક્ષકો તેમજ આચાર્ય દ્વારા આપવામાં આવી હતી. તા.૭ મીના મુન્દ્રા પોલીસ સ્ટેશનનાં જયાબેન જોશી તેમજ અધિકારી શ્રી રાવલ દ્વારા સ્વરક્ષણની તાલીમ આપી ગુડ ટચ, બેડ ટચ, શારીરિક છેડછાડ, માનસિક ટોર્ચર અંગેની સચોટ સમજ સાથે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

# હાથથી મેલુ ઉપાડવાની કામગીરીને રોકવા સરકાર દ્વારા સર્વેની કામગીરી

ભુજ તા.૯

કચ્છ જિલ્લામાં-ધી પ્રોહિબીશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩ અસરકારક રીતે અમલીકરણ થાય છે, તેના અનુસંધાને જિલ્લામાં હજુ પણ ક્યાંય હાથથી મેલુ ઉપાડવાનું કામ થતું હોય તો તેને રોકવા માટે સરકાર દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવેલી છે. જેના અનુસંધાને સફાઈ કામદારો હાથથી તેમજ માથે મેલુ ઉપાડતા હોય તેવા સફાઈ કામદારોની સર્વે કામગીરી ચાલુ હોવાથી દિન ૦૭માં શહેરી વિસ્તારમાં રહેતા લોકોએ નગરપાલિકાની કચેરીમાં સેનેટરી ઈન્સપેક્ટર(એસ.આઈ) અથવા નગરપાલિકા તરફથી નક્કી કરેલા કર્મચારીનો તાત્કાલિક સંપર્ક કરવો. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોએ ગ્રામ પંચાયતમાં રજૂઆત કરી શકશે. જો નિયત સમયમાં રજૂઆત નહીં કરવામાં આવે તો પુનઃસર્વેની કામગીરી કરવામાં આવશે નહી.આ સર્વેનો હેતુ કોઈ પણ પ્રકારની લોન આપવા કે અન્ય સહાય આપવા માટેનો નથી.

પરંતુ જે સફાઈ કામદારો હાથેથી તેમજ માથેથી મેલુ ઉપાડતા હોય તેવા સફાઈ કામદારોને આ કામગીરી માંથી મુક્ત કરવાનો હોવાથી તેવા જ સફાઈ કામદારો એ નગરપાલિકા/ગ્રામ પંચાયતનો રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. અને તેઓ કઈ જગ્યાએ હાથેથી તેમજ માથેથી મેલુ ઉપાડે છે તેના પુરાવા સાથે નગરપાલિકા/ગ્રામ પંચાયતને જાણ કરવાની રહેશે. તેમ જિલ્લા નાયબ નિયામક (અ.જા.ક), જિલ્લા મેનેજર ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ભુજ-કચ્છ (વર્ગ-૧)ની અખબારી યાદીમાં જણાવાયું છે.

# દયાપરમાં કમલેશ્વર મહાદેવ મંદિરનો બુધવારે વાર્ષિકોત્સવ ઉજવાશે



દયાપર તા.૯

લખપત તાલુકાના મુખ્ય મથક દયાપરથી બે કિલોમીટરના અંતરે આવેલા પ્રસિદ્ધ કમલેશ્વર મહાદેવજીના મંદિરના વાર્ષિક પાટોત્સવની ધાર્મિક ઉજવણી આગામી તા.૧૪ મીના કરાશે, જે અંતર્ગત આયોજન સંદર્ભે ગામજનોની બેઠક યોજાઇ હતી. તા.૧૪/૮, બુધવારે કમલેશ્વર મહાદેવ મંદિરના વાર્ષિક પાટોત્સવની ઉજવણી કમલેશ્વર મહાદેવ મંદિર સેવા ટ્રસ્ટના નેજા હેઠળ કરાશે, ગ્રામજનોની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ વહેલી સવારે ૭:૩૦ કલાકે ગામના હનુમાનજી મંદિરેથી કાવડ યાત્રા સાથે મહાદેવજીના મંદિરે જળાભિષેક, સવારે ૮ કલાકે હોમ હવન, રુદ્રી પૂજન તેમજ બપોરે સમૂહ પ્રસાદ સાથે આ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે, યોજાયેલી બેઠકમાં કમલેશ્વર મહાદેવ મંદિરના સેવા ટ્રસ્ટના હોદ્દેદારો હસમુખ પટેલ, ભવાન પટેલ, જીનેશ સોની, પરસોતમ ઠક્કર, ધીરજલાલ શાહ, પ્રફુલ સોની સહિતના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઈન્નરવ્હીલ કલબ ભુજ વોલસીટી દ્વારા બાળકોને "સાયન્સ સેન્ટર બતાવાયુ



ભુજ તા.૯

ઈન્નરવ્હીલ કલબ ભુજ વોલસીટી દ્વારા માનવજયોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી ભગવતીધામ વિદ્યામંદિરનાં મજુરી મુક્ત ગરીબ બાળકોને ભુજીયા તળેટી માં આવેલ "સાયન્સ સેન્ટર,, બતાડવામાં આવેલ. ઈન્નરવ્હીલ કલબ ઓફ ભુજ વોલસીટીનાં પ્રમુખ યામિની ઠક્કર, સેક્રેટરી ઉર્વી સોની, ખજાનચી કવિતા ભાનુશાલી તથા બીનાબેન જોષી, નીતા હાલાણી, વિધિ ઠક્કરે ઉપસ્થિત રહી બાળકોને ભાવતો અલ્પહાર અર્પણ કર્યો હતો. મજુરી મુક્ત બાળકોએ સાયન્સસીટી નિહાળી ખુશી અનુભવી હતી. આયોજકોએ બાળકોની સંપૂર્ણ વ્યવસ્થાઓ કરી બાળકોને જ્ઞાન સાથે ગમ્મત પૂરી પાડી હતી.

# ચોમાસાની ઋતુ દરમ્યાન યજનક સ્થળોએ પ્રવેશ પર પ્રતિબંધ

ભુજ તા.૯

દરિયા કિનારે તથા પાણીના ભારે વહેણ ધરાવતા કોઝ-વે, નદી, નહેર, જળાશયો તેમજ પાણીના ધોધમાં ન્હાવા જવાથી ઘણા લોકોના તણાઈ-ડૂબી જવાથી મૃત્યુ થવાના કિસ્સાઓ અવાર-નવાર બનતા હોય છે જે અંગે સરકારથીના ગૃહ વિભાગ દ્વારા આવા ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ-પ્રવાસીઓ ન્હાવા માટે ન જાય તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સુચના આપ વામાં આવેલ છે જેથી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અમિત અરોરા, કચ્છ-ભુજ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ નદી, નાળા, નહેર, ચેકડેમ તથા તેનો નીચાણ વાળી વિસ્તાર, જગ્યાથી કોઝ-વે તથા નાના મોટા ધોધ જેવા પાણીનું ભારે વહેણ ધરાવતાં ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ-પ્રવાસીઓએ નહાવા જવા, કપડા ધોવા કે માછલી પકડવા માટે પ્રવેશ કરવું નહી તેમજ તે માટે મદદગારી કરવી નહી. સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ દરિયા કિનારાએ ભરતીના સમયે તથા ચોમામાની ઋતુ દરમિયાન ઊંચા મોજા ઉછળતા હોવાથી કોઈપણ વ્યક્તિ-પ્રવાસીઓએ નાહવા જવા દરિયાના પાણીમાં પ્રવેશ કરવું નહી તેમજ દરિયા કિનારે જોખમી રીતે ઉભા રહેવું નહી.

સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ કોઝ-વે ઉપર પાણીનું વહેણ ચાલુ હોય ત્યારે કોઈ વ્યક્તિએ જાતે અથવા વાહન સાથે કોઝ-વે ઉપરથી પસાર થવું નહીં. ઉપરના તમામ ભયજનક સ્થળોએ જોખમી રીતે ઉભા રહી મોબાઈલ/કેમેરામાં ફોટા/સેલ્ફી લેવા નહીં.આ જાહેરનામું તા.૦૩/૧૦/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

# જિલ્લા આયોજન બેઠકમાં મુંદરા બારોઈ પાલિકાના અનેક સમસ્યાઓના મુદા છવાયા

**પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં ખેતીની જમીનમાં દબાણો, જર્જરિત રસ્તાઓ, સરકારના કરોડના ખર્ચે બનેલા બિસ્માર આયામોમાં અસમાજીક તત્વોના અડા સહિતના અનેક પ્રશ્નો બિનદાસ્ત રજૂ કરતા અધ્યક્ષા રચનાબેન**



ભુજ તા.૯

ગઈ કાલે કલેક્ટર કચેરી ખાતે કચ્છના પ્રભારીમંત્રીની ઉપસ્થિતીમાં મળેલી જિલ્લા આયોજન બેઠકમાં મુંદરા બારોઈ પાલિકાના વિવિધ પ્રશ્નો છવાયા હતા. કલેક્ટર કચેરી ભુજ ખાતે પ્રભારીમંત્રી પ્રફુલ પાનસુરીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં કલેકટર, વિવિધ વિભાગોના અધિકારીઓ, ધારાસભ્યો, નગર પાલિકાના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા,જેમાં મુંદરા બારોઈ નગર પાલિકાના અધ્યક્ષા રચનાબેન જોશી દ્વારા મુંદરા બારોઇ નગર પાલિકા હદ વિસ્તાર સહિતના વિવિધ પ્રશ્નોના નિકાલ માટે રજૂઆત કરવામાં આવી હતી, જેમાં ખેતીની જમીનમાં થયેલ દુકાનો, કેબીનો, બોર્ડ હોડીંગ જેવા અનેક બિન મંજુરીએ ખુબ જ મોટા પ્રમાણ માં દબાણો થયેલ છે, જે તે સમયે નગરપાલિકા, મામલતદાર કચેરી, આર.એમ.બી દ્વારા નોટીશો પાઠવવામાં આવેલ, છેલ્લે પ્રાંત અધિકારી મુંદરા દ્વારા શરતભંગની નોટીશો અપાઈ પરંતુ આજ લગી કોઈ પગલા લેવાયા નથી તો આવા ખેતીની જમીનમાં થયેલા દબાણો તાત્કાલિક ધોરણે દુર કરવામા આવે, મુંદરા બારોઇ નગરપાલિકા હદ વિસ્તારમાં જાહેર રસ્તાઓ પર ખાસ કરીને હાલે પવિત્ર શ્રાવણ માસમાં ધાર્મિક સ્થળોની આજુ બાજુ નોનવેજ (ઈંડા) નું વેચાણ થાય છે તે તાત્કાલીકે બંધ કરવામાં આવે, શ્યામા પ્રસાદ મુખર્જી યોજના અંતર્ગત આશરે ત્રણ વર્ષ પહેલા બનેલા વિવિધ આયામો જેમાં સરકારના કરોડો રૂપિયાનો ખર્ચ થયેલ છે, જે આયામો હાલ અત્યંત બિસ્માર હાલતમાં પડેલ છે, જેમાં હાલે અસામાજિક તત્વોએ અડા જમાવેલ છે, જે આયામો નગર પાલિકાને તાત્કાલિક સુપ્રત કરવામાં આવે, મુંદરા બારોઇ નગરપાલિકા પાસે પોતાની કોઈ જમીન ન હોતા કચરાના નિકાલ માટે ડમ્પિંગ સાઈડ માટે જમીન મંજુર કરવામાં આવે, જેથી કચરાનો નિકાલ યોગ્ય રીતે થઇ શકે, મુંદરા બારોઈ નગરપાલિકાની કચેરીનાં ભવન માટે જમીન હેતુફેર કરી આપવા ઉપરાંત બારોઈ ગામતળમાં કોઈ મિલકતોનો રેકર્ડ ન હોઈ સર્વે કરી મિલકતો રેગ્યુલાઈઝ કરવામાં આવે જેથી આ બાબતે લોકોને પડતી મુશ્કેલીઓ દુર થાય, વધુમાં હાલે ભારે વરસાદ પડવાના કારણે મુંદરા બારોઇ નગરપાલિકા હદ વિસ્તારમાં આર.એમ.બી હસ્તકના રસ્તાઓ ખુબજ જર્જેરિત હાલતમાં છે,તે રસ્તાઓ સત્વરે મરામત કરવામાં આવે આ તમામ પ્રશ્નો સંદર્ભે પ્રભારી મંત્રી દ્વારા કલેકટર ને નિવારણ માટે તાત્કાલીક કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવ્યો હોવાનું મુંદરા બારોઇ નગર પાલિકાના અધ્યક્ષા રચનાબેનની યાદીમાં જણાવાયું હતું. હવે આ સમસ્યાઓનું ક્યારે નિવારણ થાય છે જોવું રહ્યું, અધ્યક્ષાએ તેમની ફરજ બજાવી છે, હવે સબંધિત વિભાગો કેટલી સક્રિયતા દાખવે છે તેના પર સમસ્યા નિવારણ નિર્ભર છે.

# નલીયામાં તળાવશેરી અને વંડી ફળિયામાં માર્ગ પર ગટરના પાણી વહે છે: લોકો પરેશાન



નલીયા તા.૯

અબડાસા તાલુકાના મુખ્ય નથક નલિયાના તળાવ શેરી અને વંડી ફળિયામાં રોડ ઉપર ગટરના દુષિત પાણી વહેતાં વિસ્તારના રહેવાસીઓએ ગ્રામ પંચાયત કચેરીએ રૂબરૂ જઈ સામુહિક રજૂઆત કરી હતી. નલિયા ખાતે તળાવ શેરી અને વંડી ફળિયામાં રોડ ઉપર ગટરના દુષિત પાણી વહી રહ્યા છે, તેની દુર્ગંધથી આ વિસ્તારના ઘરોમાં રહેવું મુશ્કેલ બની ગયું છે તેનું તાત્કાલિક નિરાકરણ કરવા માટે આજે નાગરિકો નલિયાના સરપંચ રામજીભાઈ કોલી પાસે લેખીતમાં રજૂઆત કરવા પહોંચ્યા હતાં, લોકોના જણાવ્યા પ્રમાણે આ રોડ ઉપરથી ભાનુશાલી વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાના બાળકો પસાર થાય છે, કાશી વિશ્ર્વનાથ મંદિરે મહાદેવના દર્શન કરવા માટે પણ ભક્તો અહીંથી પસાર થાય છે માટે તાત્કાલિક ધોરણે આ સમસ્યાનું નિરાકરણ કરવા માંગ કરાઈ હતી, બે દિવસ અગાઉ આ વિસ્તારમાં પ્રાથમિક શાળા પાસે મામલતદારે પણ સ્થળ મુલાકાત લઈને પંચાયતને સફાઈ માટે જણાવ્યું હતું, અને શનિવારે પ્રાંત કચેરી ખાતે મળેલી સંકલન સમિતિની બેઠકમાં પણ નલિયાની વિવિધ સમસ્યાઓ માટે પ્રાંત અધિકારી શ્રી વાઘેલાએ પણ અધિકારીઓને સુચના આપી હતી.

# કચ્છમાં ફરી ભૂકંપનો આંચકો



ભુજ તા.૯

વિનાશક ભુકંપ પછી કચ્છમાં સતત આવતા ધરતીકંપના નાના આંચકનો સિલસિલો હજુ પણ યથાવત છે તે વચ્ચે શુક્રવારે બપોરે વધુ એક કંપન નોંધાયુ છે.૨.૬ની તિવ્રતાનો આફટર શોક ગાંધીનગર સ્થિત સિસમોગ્રાફિ કચેરી ખાતે નોંધાયો હતો પરંતુ તેની અસર ક્યાક દેખાઈ ન હતી ભુકંપનુ કેન્દ્રબિંદુ દુધઈથી ૧૪ કિમિ દૂર નોંધાયુ હતું.આજે વિસ્તારમાં અગાઉ પણ કંપન નોંધાયુ હતુ સાથે ગત શુક્રવારે પણ કચ્છમાં ભુકંપનો ઝટકો નોંધાયો હતો.

# ભચાઉ આરોગ્ય વિભાગ દ્વારા સ્તનપાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



સ્તનપાન સપ્તાહ અંતર્ગત તાલુકા આરોગ્ય કચેરી ભચાઉ દ્વારા ટી.એચ.ઓ. નારાયણ સિંઘ ના માર્ગદર્શન અંતર્ગત શિબિર દ્વારા સ્તનપાન ના મહત્વ અંગે લોકો ને જાગૃત કરવામાં આવ્યા હતા. બાળક ના જન્મ થયા બાદ જેમ બને તેમ જલ્દી થી સ્તનપાન કરાવવા ,છ માસ સુધી ફક્ત માતાનું ધાવણ જ આપવું, માતા નું ધાવણ બાળક ને પચવામાં સહેલું છે.

રોગ પ્રતિકારક શક્તિ વધારે છે જેથી બાળક વારંવાર બીમાર પડતું નથી, ધાવણ થી ન્યુમોનિયા તેમજ ઝાડા જેવા ચેપ થી બચી શકાય છે. માતા અને બાળક વચ્ચે લાગણી ભર્યા સંબંધો બંધાય છે, પાચન શક્તિ મજબૂત કરે છે, બૌદ્ધિક વિકાસ થાય છે, માતા ને સ્તન અને ગર્ભાશય નું કેન્સર થતું અટકાવે છે વગેરે સ્તનપાન ના ફાયદા વિષે પ્રા.આ.કેન્દ્ર અને ગ્રામ્ય વિસ્તાર માં પેટા આરોગ્ય કેન્દ્ર મધ્યે આરોગ્ય કાર્યકરો દ્વારા સમજ આપવામાં આવી હતી

# બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા સુનિશ્ચિત થવી જોઈએ: વિ.હિ.પરિષદ

ભુજ તા.૯

વિશ્વ હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા આજે એક પત્રકાર પરિષદ યોજી બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરાઈ હતી.

સૌરાષ્ટ્ર પ્રાંતના સહમંત્રી ભાવેશ ઠક્કરે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, પડોશી રાષ્ટ્ર બાંગ્લાદેશ હિંસા અને અરાજકતા થી પીડિત છે. ચૂંટાયેલા વડાપ્રધાનના રાજીનામા અને દેશ છોડ્યા બાદ અરાજકતાવાદી તત્વોનું વર્ચસ્વ વધી ગયું છે, કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે.

આ અરાજક પરિસ્થિતિમાં, ત્યાંના ઉગ્રવાદી જેહાદી તત્વોએ હિન્દુ સમાજ પર મોટા પાયે જુલમ શરૂ કર્યો છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, બાંગ્લાદેશમાં છેલ્લા ઘણા દિવસોથી ધાર્મિક સ્થળો, વેપારી સંસ્થાઓ અને હિન્દુ લઘુમતીઓના ઘરોને નુકસાન થયું છે, આ ઘૃણાસ્પદ કૃત્યો બાંગ્લાદેશના દરેક જિલ્લામાં થઈ રહ્યું હોવાના અહેવાલ છે. કટ્ટરવાદીઓના નિશાનમાંથી સ્મશાન પણ બચ્યા નથી, મંદિરોને પણ ભારે નુકસાન થયું છે. સમયાંતરે થતા આવા તોફાનોનું પરિણામે બાંગ્લાદેશમાં હિંદુઓ વિભાજન સમયે ૩૨ ટકા હતા, તે હવે માત્ર ૮ ટકા કરતા પણ ઓછા બચ્યા છે, તેઓ પણ સતત જેહાદી ઉત્પિડન નો શિકાર બનતા આવ્યા છે

બાંગ્લાદેશમાં પીડિત લઘુમતી હિન્દુ ઓસુરક્ષિત નથી, તેમની હાલત વધુ ખરાબ થઈ રહી છે, અને આ સ્થિતિ અત્યંત ચિંતાજનક છે, ત્યારે લઘુમતીઓની સુરક્ષા અને તેમના માનવાધિકારો માટે અસરકારક પગલાં લેવાની જવાબદારી વિશ્વ સમુદાયની બને છે. વધુમાં શ્રી ઠક્કરે કહ્યું હતું કે, ભારત ચોક્કસપણે આ પરિસ્થિતિમાં આંધળું ન રહી શકે. ભારતે પરંપરાગત રીતે વિશ્વભરના ઉત્પિદિત અને વિસ્થાપિત લોકોને મદદ કરી છે, વિશ્વ હિંદુ પરિષદે ભારત સરકારને બાંગ્લાદેશમાં લઘુમતીઓની સુરક્ષા માટે તમામ સંભવિત પગલાં ભરવા વિનંતી કરી છે. મુશ્કેલ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને જેહાદીઓ દ્વારા ઘૂસણખોરીનો મોટો પ્રયાસ કરવામાં આવી શકે છે, આ અંગે સાવધ રહેવું પડશે. બાંગ્લાદેશમાં વહેલી તકે લોકશાહી અને ધર્મનિરપેક્ષ સરકારની પુનઃસ્થાપના થવી જોઈએ, ત્યાંના લઘુમતી સમુદાયને માનવ અધિકાર મળવો જોઈએ એવી લાગણી વિ.હિ. પરિષદ દ્વારા વ્યક્ત કરાઈ હતી.

# દયાપર પી.એમ વિદ્યાલયના ધો.પાંચના સાત છાત્રોએ CETની પરીક્ષામાં મેરીટ લીસ્ટમાં સ્થાન મેળવ્યું



દયાપર તા.૯

લખપત તાલુકાના દયાપર સ્થિત વિદ્યા ભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન અને પાટીદાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત પી.એમ.વિદ્યાલયના ધોરણ પાંચના સાત છાત્રોએ CETની પરીક્ષામાં ઉચ્ચ પરિણામ સાથે ઉર્તિણ થઈ મેરીટ લીસ્ટમાં સ્થાન મેળવી વિદ્યાલય અને ગામનું નામ રોશન કર્યું છે. ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા થોડા સમય અગાઉ ધોરણ પાંચમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે લેવામાં આવેલી કોમન ઈન્ટસ્ટ ટેસ્ટની પરીક્ષામાં અહીંની વિદ્યાલયના સાત વિદ્યાર્થીઓ, સાર્થક એચ. ચૌહાણ,ભૌમિક ડી.ગરોડા, રોનક એમ.ગરોડા, પ્રિયાંશુ આર. પટેલ, શક્તિસિંહ ડી.સોઢા,ક્રિષા એમ.પટેલ અને દ્રિજા એન.રાઠોડે પરીક્ષા આપી ઉચ્ચ પરિણામ સાથે ઉતિર્ણ થઈ મેરીટ લિસ્ટમાં સ્થાન મેળવ્યું છે. તાલુકા બી.આર.સી કો ઓડીનેટર જે.ડી.મહેશ્વરીએ જણાવ્યું હતું કે, લખપત તાલુકા ની અલગ અલગ પ્રાથમિક શાળાઓમાંથી આ પરીક્ષા આપ નારા કુલ ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ ઉચ્ચ પરિણામ મેળવી મેરીટમાં સ્થાન મેળવ્યું છે, મેરીટમાં સ્થાન મેળવનાર વિદ્યાર્થીને સરકાર દ્વારા દર વર્ષે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, તેમજ આવા વિદ્યાર્થીઓને રાજ્યની મોડેલ સ્કૂલમાં અભ્યાસ માટે પ્રવેશ પણ આપવામાં આવતો હોય છે. અહીંની વિદ્યાલય સાથે ગામનું નામ રોશન કરનાર છાત્રો ને પ્રધાન આચાર્ય ભુપેન્દ્ર હોથી, શક્તિબેન રાજગોર, કોમલબેન પટેલ સહિત વિદ્યાલયના ટ્રસ્ટીઓ, સંચાલન સમિતિના સભ્યો તેમજ આચાર્યો દ્વારા શુભેચ્છા આપવામાં આવી હતી.

# ગાંધીધામમાં સ્ટેમ્પ ડ્યુટી ભર્યા વિના થતા બાંધકામ સામે દંડનાત્મક પગલાં



ગાંધીધામ તા.૯

ગાંધીધામ વોર્ડ નં.૧૨ માં ખુલ્લા પ્લોટમાં થઇ રહેલા બાંધકામની તંત્ર દ્વારા આકસ્મિક તપાસ કરતાં, પ્લોટ ધારકે નિયમોને નેવે મુકી સ્ટેમ્પ ડયુટી ભર્યા વિના જ બાંધકામ કરાયું હોવાનું બહાર આવતા પ્લોટ ધારક સામે કેસ ચલાવી દંડ ફટકારવામાં આવશે. નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી (મૂલ્યાંકન) એ.એસ.હાશમી અને કચેરી અધિક્ષક દ્વારા ગાંધીધામ ખાતે વોર્ડ નંબર-૧૨/બી, પ્લોટ નંબર.૧૪૪ ખાતે તા.૦૬/૦૮ ના રોજ ખુલ્લા પ્લોટના દસ્તાવેજોની આકસ્મિક તપાસણી હાથ ધરવામાં આવતાં, આ ખુલ્લા પ્લોટ માં અગાઉથી જ બાંધકામ થયેલ હોવાનું જણાઈ આવ્યું હતું, અને આ સ્ટેમ્પ ડયુટીની ચોરી પકડાઈ હતી. તંત્ર દ્વારા પક્ષકાર પ્લોટ ધારક પાસેથી દંડ સાથે સ્ટેમ્પ ડયુટી વસુલ કરવા કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટી (મૂલ્યાંકન) ની યાદીમાં જણાવાયું હતું.

# દયાપરમાં સરહદ ડેરી દ્વારા પશુપાલકોને અંતિમ ભાવ અંતર્ગત બોનસનું વિતરણ કરાયું



દયાપર તા.૯

કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ સરહદ ડેરી દ્વારા દયાપર ખાતે દૂધ ઉત્પાદક પશુપાલકોને અંતિમ ભાવ અંતર્ગત બોનસની રકમના ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

સરહદ ડેરીના અહીંના ચેરમેન હસમુખ પટેલે દીપ પ્રાગટ્ય કરતા અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે, જિલ્લામાં સરહદ ડેરીના માધ્યમથી પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા માલધારીઓને ફાયદો થયો છે, તેમણે ઉમેર્યું હતું કે લખપત તાલુકામાં લોકોને રોજગારી માટે અન્ય કોઈ સ્ત્રોત ન હોવાથી આ વિસ્તારના પશુપાલકો માટે પણ દૂધ ડેરી આશીર્વાદરૂપ બની છે, કાર્યક્રમમાં ઉપસ્થિત ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી એન. એસ.પરમાર તેમજ સૈયદ ગુલામ મુસ્તફા બાવાએ પણ સરહદ ડેરી થકી માલધારીઓને રોજગારી સાથે રોજીરોટી મળતી હોવાનું જણાવ્યું હતું. અહીં યોજાયેલા કાર્યક્રમમાં વિસ્તરણ અધિકારી પી.પી.પટેલ તેમજ ગામના આગેવાનો ભવાન લખાણી, તુલસીદાસ પારસીયા, મીઠાભાઈ નોતીયાર, ભવાન લીંબાણી, ધનજી ઠાકરાણી, હાજી રમધાન નોતિયાર, પશુ ચિકિત્સક ડૉ.વિકાસ મકવાણા, સેન્ટર ઈન્ચાર્જ પૃથ્વી પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા, તેમજ આગેવાનો તથા અધિકારીના હસ્તે અહીંના પશુ પાલકો નોતીયાર અલીઅસગર સતારને રૂ. ૮૭.૯૩૪, નોતીયાર અબ્દેમાન ઈસ્માઈલને રૂ.૭૫.૫૪૫ તેમજ સૈયદ ગુલામ મુસ્તફા મામદશાને રૂ.૬૯.૫૨ ના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પુનિત ગોસ્વામીએ કર્યું હતું, જ્યારે આયોજન વ્યવસ્થા ભરત ડાભી,નવઘણ રબારી તથા હિતેશ પટેલે સંભાળી હતી

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

ન્યૂઝ4કચ્છ 'વાત કચ્છીયતની'
ન્યૂઝ ફોર કચ્છ દૈનિક
SATURDAY 10-08-2024

# આજે આંતરરાષ્ટ્રીય બાયોડીઝલ દિવસ





જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

અશ્મિભૂત ઇંધણથી વિપરીત, બાયોફ્યુઅલ પ્રકૃતિમાં ટકાઉ, નવીનીકરણીય અને બાયોડિગ્રેડેબલ છે. વિશ્વ બાયોફ્યુઅલ ડે તરીકે ૧૦ ઓગસ્ટની પસંદગી કરવામાં આવી હતી કારણ કે ૧૮૯૩માં આ તારીખે જર્મન શોધક સર રુડોલ્ફ ડીઝલે ડીઝલ એન્જિન ચલાવવા માટે મગફળીના તેલનો સફળતાપૂર્વક ઉપયોગ કર્યો હતો.બાયો ડીઝલ શું છે? તેના વપરાશના ફાયદાઓ, બાયો ડીઝલની ચકાસણી અને બાયોડીઝલ વાપરતા એન્જીનની કામગીરીની તેના પર પડતી અસરની માહિતી પણ એટલી જ રસપ્રદ છે. પેટ્રોલ-ડીઝલના વપરાશથી છેલ્લા કેટલાક વર્ષોથી ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વધી રહી છે. તો બીજીતરફ બાયોડીઝલથી પ્રદુષણ ફેલાતુ નથી તે પણ એ હકીકત છે. સામાન્ય રીતે બાયો ડીઝલ રતન જયોત, મહુડો, સોયાબીન, સરસવ, સુર્યમુખી, રસોઈમાં વપરાશમાં લીધેલ તેલ, તૈલી, વૃક્ષો, પ્રાણીઓની ચરબી અને બિન ઉપયોગી તેલ તેમજ કેટલીક શેવાળમાંથી બનાવવામાં આવે છે.બાયો ડીઝલ એક પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્ત્રોત છે જે વનસ્પતિ તેલ તેમજ પ્રાણીઓની ચરબી માંથી બનાવવામાં આવે છે. જેને ટ્રાન્સએ અરી ફિકેશનની એક કેમિકલ પ્રોસેસથી બનાવવામાં આવે છે. વનસ્પતિ તેલમાં ફેટ્ટી એસિડ આવેલા હોય છે.જેમને આ પ્રોસેસની મદદથી મોનોઆલ્કલીમાં રૂપાંતરિત કરવામાં આવતો હોય છે.સામાન્ય રીતે વનસ્પતિ તેલમાંથી બાયો ડીઝલ બનાવવા આ પ્રોસેસનો ઉપયોગ થાય છે. જેમાં મીથેનોલ, સોડીયમ હાઈડ્રોકસાઈડ/ પોટેશ્યમહાડ્રોકસાઈડ(આલ્કલી) ઉદ્દિપક તરીકે લેવામાં આવે છે. બાયોડીઝલ બનાવવા માટે મુખ્ય પરિબળો, વનસ્પતિ તેલનું તાપમાન અને ઉમેરવામાં આવતા ઉદ્દિપક ઉમેરવામાં વતા ઉદ્દિપક અને મીથેનોલની માત્રા પર આધારિત રાખે છે.સૌ પ્રથમ ૧ લીટર વનસ્પતિ તેલને ૫૫થી ૬૦ સે. તાપમાન સુધી ગરમ કરવામાં આવે છે. ત્યારબાદ તેમાં થી ૧.૫% જેટલો સોડીયમ હાઈડ્રોકસાઈડ અને ૨૦ % મીથેનોલના દ્રાવણને ઉમેરવામાં આવે છે. આ શ્રણને ૧થી ૩ કલાક સુધી હલાવી ઠંડુ કરવામાં આવે છે. થોડુ ઠંડુ થયા બાદ તેલમાથી ગ્લીસરીન બાયો ડીઝલ છુટુ પડે છે. મિશ્રણની અંદર ગ્લીસરીન નીચેના ભાગે અને યો ડીઝલ છુટુ પડે છે. મિશ્રણની અંદર ગ્લીસરીન નીચેના ભાગે અને બાયો ડીઝલ ઉપરના ભાગે તારવે છે. મળેલ બાયો ડીઝલને હુંફાળા પાણીની મદદથી ત્રણથી ચાર વાર ધોવામાં આવે છે. ના કારણે બાયો ડીઝલમાં રહેલ સોડીયમ હાઈડ્રોકસાઈડ પાણી સાથે રહી નિકળી જાય છે. જો ડીઝલની દર ૨% સુધી બાયો ડીઝલ ઉમેરવામાં આવે તો ડીઝલનું ૬૫% સુધી લીલાપણુ વધારી શકાય યોડીઝલનો સીટેન નંબર વધારે હોવાથી ડીઝલ એન્જિનની અંદર બાયોડીઝલ જલ્દીથી સળગે છે અને અવાજ ઓછો ઉત્પન્ન કરે છે.બાયોડીઝલનો સીટેન નંબર વધારે હોવાથી તેની ઉષ્મા શકિત ઓછી હોવાના કારણે દેશના અર્થતંત્ર પર બહુ અસર પડતી નથી. જુદી જુદી સંસ્થાઓ અને એજન્સીઓ દ્વારા બાયો ડીઝલનું ૧૬ મિલીયન માઈલ્સ સુધી ઉપયોગ કરતા માલુમ પડ્યુ હતુ કે, એન્જનના ટોર્ક, હોર્સપાવર તેમજ અર્થતંત્ર પર બહુ અસર પડતી નથી. ડીઝલ બળતણમાં રહેલ લીલાપણુને લીધે એન્જિનમાં આવેલ એન્જીન ફયુઅલ ઈજેકશન પંપ અથવા ફયુઅલ ઈજેકટરમાં થતા ઘર્ષણને રોકવા માટે જવાબદાર હોય છે. વધારે લીલાપણાના કારણે એનજીના પાની કાર્યક્ષમતા અને એન્જિન વધારે સમય સુધી સારી રીતે ચાલે છે. જો ડીઝલની અંદર ૨% સુધી બાયો ડીઝલ ઉમેરવામાં આવે તો ડીઝલનું ૬૫% સુધી લીલાપણુ વધારી શકાય છે. સામાન્ય રીતે ઠંડા પ્રદેશમાં જેલ અથવા ગઠ્ઠા બાધી જાય છે.એવુ જ બાયો ડીઝલમાં પણ થાય છે.પરંતુ બાયો ડીઝલની કલાઉડ અને પોર પોઈન્ટ વધારે હોય છે. જયારે ૨૦% સુધી બાયો ડીઝલ સામાન્ય ડીઝલમાં ઉમેરવામાં આવે તો જેલ અથવા ગઠ્ઠા બાજવાની અસર વધારે દેખાય છે. આને અટકાવવા માટે વિન્ટર ગ્રેડ ડીઝલ અથવા કોલ્ડ ફલો એડિટિસ વાપરવામાં આવે છે.અન્ય બળતણથી સરખામણીએ ગ્રીન હાઉસ ગેસનું ઉત્પાદન ૪૧% જેટલુ ઓછુ થાય છે બાયો ડીઝલ એક પુનઃ પ્રાપ્ય ઊર્જા સ્ત્રોત છે જેનો ઉપયોગ પેટ્રોલીયમ ડીઝલની જેમ વાપરી શકાય છે. બહોળા પ્રમાણમાં વનસ્પતિ તેલનુ ઉત્પાદન કરવાથી બાયો ડીઝલ બનાવવામાં આર્થિક ફાયદો થઈ શકે છે. બાયો ડીઝલએ પેટ્રોલીયમ ડીઝલની સરખામણીએ ઓછા પ્રમાણમાં પ્રદુષણ ફેલાવે છે. અન્ય બળતણથી સરખામણીએ ગ્રીન હાઉસ ગેસનું ઉત્પાદન ૪૧% જેટલુ ઓછુ થાય છે. બાયો ડીઝલનો ફલેશ પોઈન્ટ ૧૫૦ સે. તાપમાન કરતા વધારે હોવાથી ટ્રાન્સપોર્ટેશન સરળ રહે છે તેમજ તે નોન ટોક્ષિક અને બાયોડીગ્રેડેબલ છે.. જો કે, બાયો ડીઝલ વપરાશના ફાયદા ઘણા છે પરંતુ તેનું વેંચાણ કરવુ એ ગેરકાયદેસર છે.બાયો ડીઝલ બન્યા બાદ તેની ચકાસણી કરવામાં આવે છે. જેમાં બાયો ડીઝલની ગુણવતા તેમજ બળતણની વિશિષ્ટતા ચકાસવામાં આવે છે. જેમાં બાયોડીઝલની ગુણવતા તેમજ બળતણની વિશિષ્ટતા ચકાસવામાં આવે છે. થોડા સમય પહેલા સમગ્ર રાજ્યમાં તેના ગેરકાયદેસર વહેંચાણ અંગે મોટો પ્રદાર્ફાસ થયા બાદ કચ્છ તથા ગુજરાતમાં તેનો વપરાશ ઘટ્યો હતો.

# કચ્છના રેલ્વે-રસ્તાના પ્રશ્ને સાંસદની રજુઆત બાદ ઉકેલ માટે કેન્દ્ર સકારાત્મક

**વિનોદ ચાવડાએ ભારત સરકારના રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને સડક પરિવહન અને રાજય માર્ગ મંત્રી નીતિન ગડકરીની મુલાકાત લઈ કચ્છ મોરબીના રેલ્વે તથા રોડ રસ્તાના વિવિધ પ્રશ્નોની વિગતવાર લેખિત મૌખીક રજુઆતો કરી હતી. જે બાબતે જેના ઉકેલ માટે સકારાત્મક અભિગમ બન્ને મંત્રીએ દર્શાવ્યો હતો**

ભુજ તા.૯

કચ્છના ઓધોગીક તથા અન્ય રીતે વિકાસ વચ્ચે ટ્રેન કનેક્ટીવીટી તથા બિસ્માર રસ્તા અને રસ્તાના કામોને લઇને સર્જાતી સમસ્યાની રજુઆત દિલ્હી પહોંચી છે. કચ્છના સાંસદે આ મામલે બન્ને વિભાગના કેન્દ્રીય મંત્રીને સબળ રજુઆત કરી હતી સાંસદ વિનોદ ચાવડા એ રજુઆત બાદ જણાવ્યુ હતુ કે કચ્છ ખાણ ખનીજ, ઈન્ડસ્ટ્રીયો -અને પ્રવાસ ક્ષેત્ર ધરાવતું વિશાલ ક્ષેત્રવાળો જીલ્લો છે. લાખો લોકો દેશના વિવિધ પ્રાંતો માંથી રોજગાર ધંધા માટે આવન-જાવન કરે છે. યાત્રિકો ને પુરતી સુવિધા મળે અને સમય અને પૈસાની બચત થાય માટે ફાસ્ટ, સુપર ફાસ્ટ અને વંન્દે ભારત જેવી ટ્રેનોની સુવિધા મળે, તેવી જ રીતે હીરા ઉધોગ, સિરામીક ઉધોગના હબ ગણાતા મોરબી ને પણ કચ્છ-સૌરાષ્ટ્ર અને દેશના વિવિધ પ્રાંતો સાથે જોડતી રેલ સેવા સુવિધા મળે માટે સાંસદે લોકસભા ના બજેટ સત્ર દરમ્યાન રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ ને રૂબરૂ મળી લેખિત અને મૌખીક રજુઆતો કરી હતી. ભુજ અમદાવાદ વચ્ચે વંદે મેટ્રો ટ્રેન ભુજ-રોહિલા ટ્રેનને હરિદ્વાર સુધી લંબાવવા માટે રેલ મંત્રીએ સમંતી દર્શાવી હતી. ભુજ-અમદાવાદ મેટ્રો દેશમાં પ્રથમ હશે. રેલ્વે મંત્રીએ રજુઆતો ની નોંધ લઈ સકારાત્મક અભિગમ દર્શાવ્યો હતો.તો સડક પરિવહન અને રાજય માર્ગ મંત્રી નીતિન ગડકરી સાથે કચ્છ ના સાંસદ વિનોદ ચાવડાએ રૂબરૂ મુલાકાત કરી કચ્છ ના રોડ-રસ્તા હાઈવે અને રાજમાર્ગ ને જોડતા ધોરી માર્ગો વિષે રજુઆત કરતા જણાવ્યુ હતું કે, કચ્છ થી માળીયા-મોરબી નેશનલ હાઈવે ખુબજ ટ્રાફીક અને ભારે વાહનો ના આવન-જાવન થી કાયમ ટ્રાફીક જામની પરિસ્થિતી રહે છે.આ રસ્તો સીક્ષ લાઇન બનાવવા, સુરજબારી અને સામખીયાળી વચ્ચે નો રસ્તો ૩૦ કિમી નો છે. અને બે



ટોલ ટેક્ષ આવે છે. બે ટોલ ટેક્ષ વચ્ચેનું અંતર ૬૦ કિમીથી વધુ હોવું જોઈયે માટે એક ટોલ ટેક્ષ બંધ કરવાની રજુઆત કરી હતી. રાપર તાલુકા નાં બાલાસર ગામ વચ્ચે થી જતો નેશનલ હાઈવે બાયપાસ કરવા, કંડલા થી નવલખી વાયા માળીયા સમુદ્ર સેતુ રોડ (કોસ્ટલ હાઈવે) બને તો કિલો મીટર પણ ઘટે, બંદરો ના વિકાસમાં ખુબજ ઉપયોગી માર્ગ બની શકે,ભુજ-ધર્મશાળા હાઈવે નંબર ૩૪૧ ભુજ શહેર માંથી પસાર થતો હોઇ શેખપીર થી પાલારા જેલ સુધી બાયપાસ બનાવવા, હળવદ-ટીકર-પલાંસવા રોડ ફોરલેન બનાવવા, રોડ બનાવવા વન વિભાગની મંજુરી મળે, પ્રવાસન વિભાગ ને વેગ આપ તો ઘડૂલી-સાંતલપુર રોડ ના અધુરા કામો પુર્ણ કરવાની રજુઆતો કરેલ છે. રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રીશ્રી નિતિન ગડકરીજી એ બધી જ રજુઆતો ની નોંધ કરી વહેલી તકે પ્રશ્નો નું નિરાકરણ ની ખાતરી સાથે સકારાત્મક અભિગમ દાખવેલ છે તેમ સાંસદેએ જણાવ્યુ હતું. આમ કચ્છના વિવિધ પ્રશ્નોની રજુઆત બાદ તેના ઝડપી ઉકેલનો આશાવાદ છે.

# મોરબીથી કોંગ્રેસની ન્યાયયાત્રા શરૂ

મોરબી, તા.૯

ગુજરાત કોંગ્રેસ દ્વારા દુર્ઘટના પીડિતોને ન્યાય અપાવવા માટે આજથી ન્યાયયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.મોરબીના દરબારગઢ ચોકમાં ક્રાંતિ સભા યોજીને વંદે માતરમ નાદ સાથે ન્યાયયાત્રાની શરૂઆત થઈ છે. આ યાત્રા ગુજરાતના ૫ જિલ્લા મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને ગાંધીનગરમાંથી પસાર થઈને ૩૦૦ કિમીનો પ્રવાસ ખેડશે. મોરબીના દરબારગઢ ચોક ખાતે કોંગ્રેસના આગેવાનો સહિત પીડિત પરિવારોએ હાજર રહી આ ન્યાય યાત્રાની શરૂઆત કરી છે.

કોંગ્રેસના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ મોરબી ખાતે ક્રાંતિ સભામાં જણાવ્યું કે, ગુજરાતમાં ખાડે ગયેલ તંત્ર છે. નોન કરપટેડ અધિકારીને તપાસ સોંપે તો જ હકીકત સામે આવે તેમ છે. દારૂ, જુગાર અને જમીનની ફાઈલોમાં રોકડી કરે છે તેને તપાસ સોંપો તો કુલડીમાં ગોળ જ ભાંગે. દોષિતોને સાબરમતિ જેલમાં નાખો. ગુજરાતી ઓ જાગો અને ભાજપને છોડો જેવા સુત્રોચ્ચાર પણ કર્યા હતાં. કોંગ્રેસે ન્યાય યાત્રામાં આગળ એક ગાડીમાં સાથે એક ઘડો રાખ્યો છે, જેમાં લોકો પોતાના પ્રશ્નો અને




રજૂઆત રજૂ કરી શકશે અને કોંગ્રેસે આ ઘડાને 'ભાજપના ભ્રષ્ટાચાર – પાપનો ઘડો' નામ આપ્યું છે. એમાં લોકો તેમના પ્રશ્નો નાખશે છેલ્લે આ ઘડો ફોડીને ભાજપનો પાપનો ઘડો ભરાઈ ગયો હોવાનો સંદેશ આપ વામાં આવશે.

ગુજરાત વિધાનસભાના વિપક્ષ ના નેતા અમિત ચાવડાએ જણાવ્યું કે, ભાજપના ભ્રષ્ટાચારના લીધે આ ઘટનાઓ બનેલ છે જેથી ભોગ બનેલા પરિવારો ન્યાય માટો રજડી રહ્યા છે. ત્યારે કોંગ્રેસ તેમનો અવાજ બનીને વિધાનસભામાં આ મુદ્દો ઉઠાવશે અને પીડિત પરિવારોને ન્યાય અપાવશે.આ યાત્રા મોરબીથી શરૂ થયા બાદ રાજકોટ, રાજકોટ થી સુરેન્દ્રનગર, સુરેન્દ્રનગરથી અમદાવાદ અને અમદાવાદથી ગાંધીનગર પહોંચશે. મોરબીથી ગાંધીનગર સુધીની આ ન્યાય પદયાત્રામાં દેશભરમાંથી નેતાઓ જોડાશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આ યાત્રામાં જોડાવવા માટે લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ને આમંત્રણ આપવામાં આવ્યું છે. પદયાત્રાનું સ્વાગત દરેક જગ્યાએ થશે પણ કોઈ જગ્યાએ ઢોલ-નગારાં થી નહીં, પરંતુ સૂતરની આંટી વડે સ્વાગત કરવામાં આવશે.

## સુરત-રાજકોટના પીડિતો નહિ જોડાય

ગુજરાતમાં આજથી મોરબીથી ગાંધીનગર સુધી કોંગ્રેસની ન્યાય યાત્રા શરૂ થઈ છે. જમાં દુર્ઘટના પીડિતો પણ જોડાયા હોવાનું કહેવાય છે. ત્યારે સુરતમાં તક્ષશિલા અગ્નિકાંડમાં હોમાયેલા વિદ્યાર્થીઓના વાલીઓ આ યાત્રામાં જોડાવાના નથી. આ અગ્નિકાંડમાં ૨૨ જેટલા માસુમોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.કોંગ્રેસ દ્વારા ન્યાયયાત્રામાં આ વાલીઓને જોડાવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. તમામ પીડિત વાલીઓ મક્કમ થઈને એક જ જવાબ આપી રહ્યા છે કે, અમે કોઈ રાજકીય હાથો બનવા માગતા નથી. પાંચ વર્ષમાં રાહુલ ગાંધી સુરત ત્રણથી ચાર વાર આવી ગયા પણ અમને મળ્યા પણ નહોતા. જેથી હવે આ ન્યાયયાત્રામાં વાલીઓ જોડાશે નહીં. સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા તક્ષશિલા આર્કેડમાં પાંચ વર્ષ પહેલા ભાગની ઘટના બની હતી. જેમાં ૨૨ જેટલા માસુમોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ ઘટના બાદ ગુનો નોંધીને ૧૪ જેટલા આરોપીની ધરપ કડ કરવામાં આવી હતી. આ તમામ આરોપીઓ હાલ જામીન પર બહાર છે અને મૃતકોના વાલીઓ ન્યાય માટે લડી રહ્યા છે. આ કેસને ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવવા માટે વાલીઓ દ્વારા અને સરકાર દ્વારા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેને હાઈકોર્ટ દ્વારા ના મંજૂર કરી દેવામાં આવી છે. વાલીઓએ કહ્યું હતું કે, કોંગ્રેસની ન્યાય યાત્રામાં જોડાવા માટે કોંગ્રેસના તમામ હોદ્દેદારો અને નેતાઓએ અમારો સંપર્ક કર્યો છે.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# દુબઈથી ચાલતા ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ: કચ્છ બોર્ડર રેન્જ એ એકને ઝડપ્યો !

**તાજેતરમાંજ દેશમાં ચર્ચાનો વિષય બનેલા મહાદેવ સટ્ટા એપના ગોટાળા સાથે સંકળાયેલ એક વ્યક્તિને પકડ્યા બાદ હવે વધુ એક દુબઈથી સંચાલીત સટ્ટાકાંડનો સરહદી રેન્જએ પર્દાફાસ કર્યો છે. તપાસમાં અન્ય ચોંકવનારી વિગતો સામે આવવાની શક્યતા**

ભુજ તા.૯

દુબઈથી ચાલતા ક્રિકેટ સટ્ટામાં ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો કરવા માટે અલગ અલગ વ્યક્તિઓના અલગ અલગ બેંક્માં ખાતાઓ ખોલાવી ભાડેથી આપી આર્થિક લાભ લેતા તથા ક્રિકેટ સટ્ટાની આઈ.ડી.થી ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનો જુગાર રમતા ઈસમને પકડી પાડી સરહદી વિભાગ સાયબર ક્રાઈમ પોલીસે ષડ્યંત્રનો પર્દાફાશ કર્યો છે.સરહદી રેન્જમાં સાયબર ફ્રોડના ગુના બનતા શોધવા અને અટકાવવા સુચના અન્વયે સાયબર કાઈમ પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેક્ટર. વાય. કે.ગોહિલને ખાનગી બાતમી મળેલ કે, સાગર દયાળ લાલવાણી (રહે. રાધનપુર,પાટણ) વાળો રાધનપુર ખાતેથી અલગ અલગ વ્યક્તિઓના બચત તથા ચાલુ બેંક્ ખાતાઓ અલગ અલગ બેંક્માં ખોલાવી તે ભાડા પેટે ના રૂપિયા આપી તેમની પાસેથી બેંક્ એકાઉન્ટ ડીટ તથા બેંક્ સાથે લીંક સીમ કાર્ડ લઈ દુબઈ ખાતેથી ચલાવવામાં આવતા ક્રીકેટ સટ્ટા બજારમાં નાણાનો ગેરકાયદેસર વ્યવહાર કરવા માટે બીજાને ભાડેથી આપે છે. તેમજ તેના મોબાઈલ ફોનમા વેસ્ટ ઈન્ડીઝ માં ચાલી રહેલ વેસ્ટ ઈન્ડીઝ અને સાઉથ આફ્રીકા વચ્ચે ચાલી રહેલ સાઉથ આફ્રીકા ટૂર ઓફ વેસ્ટ ઈન્ડીઝ ૨૦૨૪ની મેચની શરૂઆતથી અંત સુધી મેચના જીવંત પ્રસારણ દરમ્યાન મેચની પ્રગતિની સાથે જે તે ટીમની હાર-જીત ઉપર "1XBOOK" નામની એન્ડ્રોઈડ એલ્પિકેશન પર આઈ.ડી.અને પાસવર્ડ નાખી ઓનલાઈન ક્રિકેટ મેચ પર પ્રગતિની



સાથે બદલાતા રહેતા દર મુજબનો સટ્ટાનો જુગાર રમાડતો હોવાનુ પણ તપાસમાં ખુલ્યુ હતુ બાતમી આધારે શખ્સને પકડી તેના ફોનની વિગત જોતા તેણે અલગ અલગ બેંક્ના અલગ અલગ વ્યક્તિઓના બેંક્ ખાતાઓ ખોલાવી ભાડાની રકમ વસુલી લઈ દુબઈથી ચાલતા ક્રિકેટ સટ્ટાના નેટવર્ક માં ગેરકાયદેસર નાણાકીય વ્યવહાર કરી બેંક્ ખાતાને ચલાવવા માટેની તમામ વિગત સીમ કાર્ડ પોર્ટલથી મોકલેલ હતી, અંદાજીત ૨૧ જેટલા બેંક્ ખાતાઓ ખોલાવડાવી તે તમામ ખાતા ઓન લાઈન ચલાવવા માટે ની વિગત દુબઈ ખાતે વોટ્સ એપ થી મોકલેલી અને બેંક્ ખાતામા લીંક સીમ કાર્ડ પોર્ટલથી મોકલી અપાયા હોવાનું તપાસમાં સામે આવ્યુ હતુ, જે પેટે સાગર દયાળ ને અંદાજીત ૫ થી ૬ લાખ રૂપિયાનો આર્થિક લાભ પણ મળ્યો હતો,પડડાયેલ આરોપી સાગર લાલવાણી પાસેથી મોબાઈલ ફોન નંગ-૨ કિં.રૂ.૩૦,૦૦૦ હસ્તગત કરાયા હતા.આ કામગીરી સાયબર પોલીસ સ્ટેશન સરહદી રેન્જ ભુજના સીની પો.ઈન્સ. એલ.પી.બોડાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ.ઈન્સપેક્ટર. વાય.કે.ગોહિલ તથા સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવી હતી.

# માંડવી નગરપાલિકા સામે વરલી મટકાના આંકડાનો જુગાર રમતા ત્રણ ઈસમો ઝડપાયા



ભુજ તા.૯

જુગારની બદી નેસ્ત નાબૂદ કરવા અપાયેલ સખત સુચના અનુસંધાને લોકલ ક્રાઈમ બ્રાન્ચ પશ્ચિમ કચ્છ ભુજના પો.ઈન્સ્પે. એસ. એન. ચુડાસમા તથા સબ ઈન્સ્પેકટર ટી.બી.રબારીએ સ્ટાફને સુચના આપતા એ.એસ.આઈ. દેવજી મહેશ્વરી તથા હેડ કોન્સ્ટેબલ સુરજ વેગડા માંડવી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે માંડવી નગર પાલીકા સામે, પાણીના ટાંકા પાસે અમુક ઈસમો જાહેરમાં શ્રીદેવી નાઈટ તથા મીલન બજારનો ગેરકાયદેસર રીતે વરલી મટકાના આંક-ફરકના આંકડાનો જુગાર રમી-રમાડી રહ્યા છે, અને આ ગેરકાયદેસર પ્રવૃતિ હાલે ચાલુમાં છે, જેથી પોલીસ સ્ટાફના માણસો દ્વારા તુરત જ વર્કઆઉટ કરી બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા, જુગાર રમી રહેલા અર્જુન રતનશી કન્નડ (મહેશ્વરી), મનીષ ગાંગજી જેપાર (મહેશ્વરી), પ્રકાશ પુનશી પાતારીયા(મહેશ્વરી) ઝડપાઇ ગયા હતા, એક ઈસમ કેશવજી મંગા જેપાર (મહેશ્વરી) હાજર મળ્યો ન હતો. પોલીસે રોકડા રૂપીયા રૂ. ૨૨,૮૦૦, મોબાઈલ ફોન નંગ -૩, કી.રૂા. ૨,૦૦૦, એમ કુલ કિ.રૂા. ૨૪,૮૦૦ ના મુદામાલ સાથે પકડાયેલ ઈસમો વિરૂધ્ધ માંડવી પોલીસ સ્ટેશન ખાતે જુગાર ધારા મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# શિણાઈ ગામના ચોકમાં ઘાણી પાસાનો જુગાર રમતાં પાંચ ખેલી પકડાયા

ગાંધીધામ તા.૯

આદિપુર પોલીસે બાતમીના આધારે શિણાઈ ગામના ચોકમાં જાહેરમાં ધાણી પાસાનો જુગાર રમતા પાંચ ઈસમોને ઝડપી પાડ્યા હતા. આદિપુર પોલીસે પ્રોહિ.અને જુગારની પ્રવુતિઓ નેસ્ત નાબુદ કરવા સ્પેશ્યલ ડ્રાઈવ અંતર્ગત પો.સબ.ઈન્સ. બી.જી.ડાંગર સાથે આદિપુર પોલીસ સ્ટાફ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા ત્યારે મળેલ બાતમી આધારે શિણાય ગામના ચોકમાં ઓટલા પર જાહેરમાં ધાણીપાસાનો જુગાર રમતા ખેલીઓ કિશોર જયંતીલાલ બલદાણીયા, સુરેશ ખીમજી વાણીયા (રહે.બંન્ને શીણાય), કલ્પેશ બાબુલાલ પંચાલ (રહે દબડા તા.અંજાર), દિનેશ પ્રાગજી ઠક્કર (રહે.સતાપર),




અને કિશોર ઝમનદાસ ચંચલાની (રહે.મેઘપર બોરીચી) ને રોકડા રૂ.૧૯,૨૦૦ અને ધાણી પાસા નંગ-૨ સાથે પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કામગીરી આદિપુર પો.સબ.ઈન્સ.બી.જી.ડાંગર સાથે આદીપુર પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# ગાંધીધામ ગાંધી માર્કેટ પાસે બનેલ લુંટના ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીધામ તા.૯

ગાંધીધામ ગાંધી માર્કેટ પાસે બનેલ લુંટના ગુનાના આરોપીને શોધી કાઢી ગાંધીધામ એ ડિવીઝન પોલીસે મુદામાલમાં રૂ.૨૮૦૦ રીકવર કર્યા હતા. ગાંધીધામ એ-ડિવીઝન પો.સ્ટ-માં નોંધાયેલ અને ગાંધી માર્કેટ પાસે લુંટના ગુનાની તપાસ પોલીસ ઈન્સપ ક્ટર એમ.ડી.ચૌધરી પોલીસ સ્ટાફના માણસોની ટીમ બનાવી તેઓને સતત માર્ગદર્શન અને સુચના આપી કરી રહ્યા હતા, ટેકનીકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી મળેલ બાતમી આધારે આરોપીઓ ફિરોઝ ઉર્ફે ફિયાઝ સલીમ પઠાણ (રહે.તૈયબા મસ્જીદ પાસે નવી સુંદરપુરી), કાસમ અનવર પઠાણ(રહે. નવી સુંદરપુરી) ને રોકડ રકમ રૂ.૨૮૦૦ તથા લાકડાના હાથાવારી




એક છરી સાથે પકડી પાડ્યા હતા.

પકડાયેલ બંન્ને ઈસમો ગુન્હાહિત ઈતિહાસ ધરાવે છે અને તેમની સામે ગાંધીધામ એ ડીવીઝનમાં ગુન્હાઓ નોંધાયેલા છે.

આ કામગીરી ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એમ.ડી.ચૌધરી,પો.સબ ઈન્સ. એમ.એચ.જાડેજા તથા સર્વેલન્સ સ્ટાફના દ્વારા કરવામાં આવી હતી.

# રાપર પોલીસે ટીંડલવા સીમમાંથી પોષ ડોડાના જથ્થા સાથે એકને ઝડપ્યો

ગાંધીધામ તા.૯

કચ્છમાં માદક પ્રદાર્થની હેરફેર વધી છે તે વચ્ચે પૂર્વ કચ્છ જિલ્લામાંથી નાર્કોટિક્સ અને માદક પદાર્થ પર કડક કાર્યવાહી કરવા માટે બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડિયા અને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર ની સુચના થી રાપર પીઆઇ જે.બી.બુબડીયા પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલિંગ મા હતા ત્યારે મળેલી બાતમીના આધારે રાપર તાલુકાના ટીંડલવા ગામ ની સીમ માંથી (૧) મનજી રવજી ગોહિલ (કોલી) ઉ.વ ૨૨ રહે.ખડિક તા.રાપર ૧૨૨૦ રહે.નવાપરા ફતેહગઢ તા.રાપર કચ્છ ને પોસડેડાના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો જ્યારે તપાસમાં (૨) શેરસિંહ મહાદાનસિંહ પઢિયારનુ નામ સામે આવ્યુ છે. પોલીસે અન્યની સંડોવણી અંગે વધુત તપાસ હાથ ધરી છે.તપાસ દરમ્યાન આરોપી પાસેથી કારમા-થી પોષડોડા નો ૪૦.૧૫૫ કિ.ગ્રામ



કિ.રૂ.૧,૨૦,૪૬૫/- ઝડપી પાડ્યો છે.આરોપી પાસેથી ઝડતી દરમ્યાન રોકડા રૂ.૩૭૫૦/- તથા તેના કબ્જાની અલ્ટોકાર કિ.રૂ.૧,૫૦,૦૦૦/-તથા એક બેંક સ્લીપ કિ.રૂ.૦૦/૦૦ નો તથા પોષ ડોડા ભરી આવેલ તે કોથળા એમ કુલ રુ ૨,૭૪,૨૭૫/- નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પોલીસે કાર સહિતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી અન્ય આરોપીને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે. વધુ તપાસ આડેસર પોલીસના અધિકારીને સોંપાઇ છે. આ કામગીરી મા રાપર પીઆઈ જે બી.બુબડીયા, પીએસઆઇ ડી.આર. ગઢવીસ સહિતનો સ્ટાફ જોડાયો હત.

# નખત્રાણા પોલીસ દ્વારા સંસ્થાના સહયોગથી ટ્રાફિક અવેરનેસ અને નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરાયું

ભુજ તા.૮

નખત્રાણા પોલીસ મથક દ્વારા કે.સી.આર અંધજન મંડળ ભુજ, અને નખત્રાણા તાલુકા રઘુવંશી સોશ્યલ ગ્રુપના સંયુક્ત સહયોગથી ટ્રાફિક અવેરનેસ અને નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રાફિક નિયમોનું ચુસ્ત પાલન થાય અને ટ્રાફિકના નિયમો બાબતે પ્રજાજનમાં જાગૃતતા આવે તે હેતુસર ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામ કરવા પોલીસ વડાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ આજે પો.ઈન્સ એ.એમ.મકવાણાના

નિર્દેશનમાં નખત્રાણા માતાના મઢ હાઈવે પર ટ્રાફિક અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ, ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજાના મુખ્ય અતિથિ પદે યોજાયેલા કાર્યક્રમમાં નખત્રાણા નાયબ પો.અધિક્ષક બી.બી.ભગોરા, મામલતદાર એ.એન.શર્મા, રાજેશ પલણ (પ્રમુખ નખત્રાણા રઘુવંશી સોશ્યલ ગ્રુપ),દક્ષાબેન બારુ (તાલુકા પંચાયત ઉપપ્રમુખ) આગેવાનો મહેન્દ્ર ઠક્કર,નિતીન ઠક્કર, ડો.ઉજવલ બહુગુણા, ભરત સોમજીયાણી, ચંદનસિંહ રાઠોડ, લાલજી રામાણી




સહિત મહાનુભાવો હાજર રહ્યા હતા.

દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ અને ઉપસ્થિત મહાનુભાવોનું શાલ અને ગુલદસ્તા વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમમાં લોકો ટ્રાફિકના નિયમોથી અવગત થાય અને ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે ઉદેશ્યને ધ્યાને રાખી કામગીરી કરવામાં આવેલ, ટુ વ્હીલર વાહન ચાલકોને નિઃશુલ્ક હેલ્મેટ નું વિતરણ કરવા સાથે ટ્રાફિકના નિયમવાળા પેમ્પલેટનું વિતરણ કરાયું હતું.

ઉપસ્થિત પ્રજાજનોને ટ્રાફિક નિયમન અંગે પ્રતિજ્ઞા/શપથ ગ્રહણ કરાવવામાં આવેલ. નિષ્ણાંત ડોકટરશ્રી દ્વારા ૨૨૧ વાહન ચાલકોની નેત્ર તપાસ કરી ૫૧ વાહન ચાલકોને નંબરના ચશ્માનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ,

રોડ પર જતા ભારે વાહનોને રોડની સાઈડમાં ઉભા રખાવી ભારે વાહનો પર રીફલેકટર લગાડવામાં આવેલ તેમજ વાહન ચાલકોને ગુલદસ્તો આપી ટ્રાફિક નિયમનું પાલન કરવા અભિવાદન કરવામાં આવેલ.

આ કામગીરી પો.ઈન્સ એ.એમ. મકવાણા,પો.સબ ઈન્સ આર. ડી.બેગડીયાના માર્ગદર્શન હેઠળ નખત્રાણા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી, કાર્યક્રમનું સંચાલન રાજેશ પલણ તથા ટ્રાફિક ઈન્ચાર્જ હરદેવસિંહ ગોહિલ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# તુણામાં રાત્રે પતા ટીચતા સાત ઈસમોને ઝડપતી કંડલા મરીન પોલીસ

ગાંધીધામ તા.૯

કંડલા મરીન પોલીસે બાતમીના આધારે તુણામાંથી ૭ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. પો.ઈન્સ.એ.એમ.વાળાના નેતૃત્વ હેઠળ જુગારના કેસો શોધવા કોન્સ્ટેબલ રાજેશભાઈ, પો.કો.મહેંદ્રસિંહ પ્રયત્નશીલ હતા તે દરમિયાન તેમને સંયુક્ત રાહે ખાનગી બાતમી મળેલ કે, વંડી- તુણા ગામમાં ગઢ તરફ જતા રસ્તામાં લાઈટના અજવાળે જાહેર અમુક માણસો પત્તાનો જુગાર રમી રમાડે છે, બાતમી અન્વયે જગ્યા વેરીફાઈ કરી રેઈડ કરતા વંડી અને તુણાના ઈસમો સલીમ ઉર્ફે ઉંચો હારૂન સોઢા, હુશેન સુલેમાન ગાંધ, ઈસ્માઈલ અભુ ચબા, ઈશા ઈશાક ભટ્ટી, ઈસ્માઈલ આમદ ગાધ, ઈમ્તીયાઝ મુસ્તફા સિપાઈ, ઈબ્રાહીમ મામદભાઈ ભટ્ટી રોકડા રૂપિયા ૧૩,૭૦૦ અને ગંજી પાના સાથે ઝડપાઇ ગયા હતા. આ કામગીરીમાં પો.ઈન્સ. એ.એમ.વાળા તથા કંડલા મરીન સ્ટાફ દ્વારા કરાઈ હતી.